નામદાર સુપ્રિમ કોર્ટે SUO MOTO WRIT (CRL)NO.(S) 11/2017 માં ઠરાવેલ પ્રોફોર્મા મુજબ :–

**આંક–**

**ફોર્મ–એ**

**અમદાવાદ (ગ્રામ્ય) ના ત્રીજા એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**

**નવરંગપુરા, અમદાવાદ.**

**[ચૂકાદાની તારીખ : ૦૫/૦૫/૨૦૨૬]**

**[સેશન્સ કેસ નં.૧૨૨/૨૦૨૩]**

**(એફ.આઈ.આર. ની વિગતો / ગુન્હો અને પોલીસ સ્ટેશન)**

**વેજલપુર પોલીસ સ્ટેશન,પાર્ટ–એ. ગુન્હા રજી.નં.૧૧૧૯૧૦૨૮૨૨૦૮૧૬**

**ગુન્હો :– ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૨,૧૧૪ તથા જી.પી.એ.ક.૧૩૫(૧) મુજબ.**

**પોલીસ સ્ટેશન :–વેજલપુર પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.**

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરીયાદી નાજનીન વા.ઓ.મોહંમદસફી મોહંમદફારૂક શેખ) |
| સરકાર તરફે સરકારી વકીલશ્રી | વિ.એ.પી.પી.શ્રી એ.એમ.ગુલાબાની |
| આરોપીઓ | (૧) મોહમદસાન સ/ઓ.મોહંમદઈકબાલ મોહંમદઈબ્રાહીમ શેખ<br>(૨) ખાતુનબીબી વા.ઓ.મોહંમદઈકબાલ શેખ<br>બંને રહે.મ.નં.૨૯, મકદુમબાગ સોસાયટી, એવન સ્કુલની સામે, આયશા મસ્જીદ પાસે, જુહાપુરા, અમદાવાદ.<br>(૩)રેશ્માબાનુ વા.ઓ. સમીરખાન પઠાણ, રહે. |

| | |
|---|---|
| | મ.નં.બી.૩૦,બાગે નિશાત સોસાયટી, સોનલ જુહાપુરા,અમદાવાદ. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | આરોપીનં.–૧ તરફે વિ. વ. શ્રી એમ. આઈ. લાલીવાલા<br>આરોપીનં.–૨,૩ તરફે વિ.વ.શ્રી એમ.એમ.શેખ |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૦૩/૦૬/૨૦૨૨ |
| ફરીયાદની તારીખ | ૦૩/૦૬/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૧૨/૦૯/૨૦૨૩ |
| કેસો કોન્સોલીડેટ થયા તારીખ | –––––– |
| તહોમત ફરમાવ્યા તારીખ | ૨૪/૦૫/૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૨૯/૦૭/૨૦૨૪ |
| ચૂકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | |
| ચૂકાદાની તારીખ | ૦૫/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | ––––– |

## આરોપીઓની વિગત :–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે. | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર | શું સજા કરી | સીઆર. પી. સી. ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવાં સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | કેદી તરીકે રહેલા છે. |
| (૧)<br><br>(૨)<br><br>(૩) | (૧) મોહમદસાન સ/ઓ.મોહંમદઈકબાલ મોહંમદઈબ્રાહીમ શેખ<br><br>(૨) ખાતુનબીબી વા.ઓ.મોહંમદઈકબાલ શેખ બંને રહે.મ.નં.૨૯, મકદુમબાગ સોસાયટી, એવન સ્કુલની સામે, આયશા મસ્જીદ પાસે, જુહાપુરા, અમદાવાદ.<br><br>(૩)રેશ્માબાનુ વા.ઓ. સમીરખાન પઠાણ, રહે. મ.નં .બી.૩૦,બાગે નિશાત સોસાયટી , સોનલ જુહાપુરા,અમદાવાદ. | તા.૦૪/૦૬/૨૦૨૨ ના રોજ અટક કરેલ છે. | આરોપીનં.–૧ જેલમાં છે. અને આરોપી નં.–૨,૩ જેલ મુકત છે. | ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૨ ,૧૧૪ તથા જી.પી.એ.ક .૧૩૫(૧) | | | |

District & Sessions Court Ahmedabad[Rural]
सत्यमेव जयते

## ફોર્મ – સી.

## ફરીયાદ પક્ષના સાહેદોનું લીસ્ટ

## ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલ મૌખિક પુરાવો :

| અ.નં. | આંક | નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|---|
| ૧. | ૧૯ | રશ્મિકાંત બાબુલાલ મજમુદાર | સાહેદ |
| ૨. | ૨૨ A | મોહંમદસેહજાન શબ્બીરહુસેન શેખ | પંચસાહેદ |
| ૩. | ૨૪ A | હનીફ મોહંમદફારૂક શેખ | પંચસાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૪. | ૩૦A | ઉબેદભાઈ અમનઉલ્લાહખાન પઠાણ | પંચસાહેદ |
| ૫. | ૩૨ A | શાહરૂખખાન નઝીરખાન પઠાણ | પંચસાહેદ |
| ૬. | ૩૪A | મહેરુનીશા સરફરાજઆલમ અંસારી | પંચસાહેદ |
| ૭. | ૩૫A | મોહંમદયુસુફ સુવાલેભાઈ શેખ | પંચસાહેદ |
| ૮. | ૩૭A | આસીફ ઈબ્રાહીમભાઈ શેખ | પંચસાહેદ |
| ૯. | ૩૯A | મોહંમદઅમીન મુર્તજાભાઈ શેખ | સાહેદ |
| ૧૦. | ૪૦A | નાઝનીન મોહંમદસફી શેખ | ફરીયાદી |
| ૧૧. | ૨૦ | ડો.કોમલબેન મહેશકુમાર પટેલ | ડોકટર સાહેદ |
| ૧૨. | ૨૮ | ડો.દિવ્યેશ એમ.વાઘેલા | ડોકટર સાહેદ |
| ૧૩. | ૩૪ | શૈલેષભાઈ મણીલાલ પરીખ | સાહેદ |
| ૧૪. | ૩૫ | વિનુભાઈ હરીભાઈ દેસાઈ | સાહેદ |
| ૧૫. | ૪૧ | મહેશકુમાર ચેલાભાઈ ચૌધરી | સાહેદ |
| ૧૬. | ૬૭ | કીરીટકુમાર ભીખાભાઈ રાજવીર | સાહેદ |

**ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવો :–**

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| ૧. | ૨૦ A | સ્થળ પરીક્ષણ કરવા પોલીસ યાદી |
| ૨. | ૨૧ A | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૩. | ૨૩ A | મુદમાલ રીકવરી પંચનામુ |
| ૪. | ૨૫ A | ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૫. | ૩૧ A | સીલબંધ બોટલો કબજે કર્યાનું પંચનામુ |
| ૬. | ૩૩ A | કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૭. | ૩૬ A | સીલબંધ વસ્તુઓ કબજે કર્યાનુ પંચનામુ |
| ૮. | ૪૧ A | ફરીયાદ |
| ૯. | ૨૧,૨૪,૨૬ | આરોપીઓના સારવારના ઓપીડી તથા મેડીકલ કેસ પેપર્સ |

| | | |
|---|---|---|
| ૧૦. | ૨૨ | ટ્રાન્સફર ફોર્મ |
| ૧૧ | ૨૩,૨૫, ૨૭ | આરોપીઓના સારવાર સર્ટીફિકેટ |
| ૧૨ | ૨૯ | પી.એમ.નોટ |
| ૧૩ | ૩૬ | જાહેરનામુ |
| ૧૪. | ૪૨ | ગુનો રજીસ્ટર કરવાનો રીપોર્ટ |
| ૧૫ | ૪૩ | એકજી.મેજી.શ્રીને ઈનકવેસ્ટ ભરવા માટેની મંજુરીપત્ર |
| ૧૬ | ૪૪ | ફીંગરપ્રિન્ટ માટે એફ.એસ.એલ.અધિકારીને કરેલ રીપોર્ટ |
| ૧૭ | ૪૫ | ફીંગરપ્રિન્ટ અધિકારીનો અહેવાલ |
| ૧૮. | ૪૬ | મેડીકલ ઓફીસરને કરેલ રીપોર્ટ |
| ૧૯. | ૬૮ | મુદામાલ રવાનગી નોંધ |
| ૨૦. | ૬૯,૭૦ | એફ.એસ.એલ.ને મુદામાલ મળ્યા બાબતની પહોચ |
| ૨૧ | ૭૧,૭૨ | એફ.એસ.એલ.નો ફોરવડીંગ લેટર અને ટોકસીલોજી રીપોર્ટ |
| ૨૨ | ૭૩,૭૪ | એફ.એસ.એલ.નો ફોરવડીંગ લેટર અને બાયોલોજી અને સીરોલોજી રીપોર્ટ |
| ૨૩ | ૭૫ | કલોઝીંગ પુરશીશ |

**-: ચુકાદો :-**

**પ્રસ્તાવના:**

(૧) આ કામે ઉપર જણાવેલ તહોમતદારો વિરુધ્ધ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૩૦૨,૧૧૪ તથા જી.પી.એ.ક.૧૩૫(૧) મુજબનો ગુનો વેજલપુર પોલીસ સ્ટેશન,પાર્ટ-એ. ગુન્હા રજી.નં.૧૧૧૯૧૦૨૮૨૨૦૮૧૬ થી દાખલ કરવામાં આવેલો. ત્યાર બાદ તે ગુનાના કામે તપાસ થયા બાદ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોઈ ઉપરોકત ગુના અન્વયેનું આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે તે અન્વયે સદરહું કેસ અત્રેની અદાલત સમક્ષ કમીટ થયેલ છે.

**ફરીયાદની ટૂંકમાં હકીકત:**

(૨) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓ તથા ફરીયાદી તથા મરણજનાર ઈર્શાદના સગા ભાઈ,માતા અને બહેન થાય છે તે ત્રણેય આરોપીઓએ ભેગા મળી તા.૦૩/૦૬/૨૦૨૨ ના આશરે કલાક ૨૦–૩૦ વાગ્યે ફરીયાદીશ્રીના મરણજનાર ભાઈ ઈર્શાદ મોહમંદ ઈકબાલ શેખના ઘરે બે દિવસ પહેલા થયેલ ઝઘડાના સમાધાનની વાતચીત કરવા ગયેલ તે વાતચીત દરમ્યાન ઈર્શાદ સાથે આરોપીઓ વચ્ચે બોલાચાલી અને ઝઘડો થતા તા. ૦૩/૦૬/૨૦૨૨ ના કલાક ૨૧–૦૫ પહેલા આ કામના આરોપીબેન ખાતુનબીબી તથા આરોપી રેશ્માબાનુ નાઓએ ભેગા મળી ઈર્શાદને પકડી રાખતા આરોપી મોહંમદ મોહં મદ ઈકબાલ શેખનાએ છરીથી ઈર્શાદના ગળા ઉપર જીવલેણ ઘા મારી ગળુ અર્ધ કાપી મૃત્યુ નિપજાવી ઈજા પહોંચાડી ખુન કરી ત્રણેય આરોપીઓએ એકબીજાની મદદગારી કરી પોલીસ કમીશ્નરના જાહેરનામાનો ભંગ કરી નાશી જઈ ગુનો કરેલ છે.

(૩) ફરીયાદીની ઉપરોકત ફરીયાદના આધારે હાલના આરોપીઓ વિરુધ્ધ વેજલપુર પોલીસ સ્ટેશન,પાર્ટ–એ. ગુન્હા રજી.નં.૧૧૧૯૧૦૨૮૨૨૦૮૧૬ ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૨,૧૧૪ તથા જી.પી.એ.ક.૧૩૫(૧) મુજબનો ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ અને ગુન્હાની તપાસ પોલીસ ઈન્સપેકટર કે.બી.રાજવીનાએ સંભાળી લીધેલ અને તેઓએ હાલના ગુન્હાની તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા પુરતો પુરાવો મળી આવતા, આરોપી ઓ વિરૂધ્ધ ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૨,૧૧૪ તથા જી.પી.એ.ક.૧૩૫(૧) મુજબનું ચાર્જશીટ, અમદાવાદ(ગ્રામ્ય)ના, જયુડી. મેજીસ્ટ્રેટ ફ.ક. સમક્ષ તા.૧૨/૦૯/૨૦૨૩ નાં રોજ દાખલ કરેલ.

(૪) હાલના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ થતાં, અમદાવાદ(ગ્રામ્ય)ના, જયુડી. મેજીસ્ટ્રેટ ફ.ક. નાઓએ આરોપીને તેમની રૂબરૂ હાજર કરી આંક–૧૩ થી ૧૫ થી જવાબ નોંધી તથા આરોપીને તેમની રૂબરૂ હાજર કરી આરોપી ઓ ને તેઓની સામેના પોલીસ કેસના તમામ કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસી. કોડની કલમ–૨૦૭ અન્વયે મળ્યા અંગેની ખરાઈ કરી, તેઓ તેમના બચાવમાં સરકારી વકીલ રોકવા માં

ગે છે કે ખાનગી વકીલ તે અંગે પૂછતા, અમારે સ્વખર્ચે વકીલ રોકવાના છે તેવી હકીકત પુરશીશ આપી જાહેર કરેલ. ત્યારબાદ સદર કેસ સેશન્સ ટ્રાયેબલ કેસ હોવાથી અને ધોલેરાના, જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. નાઓને આ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ન હોવાથી, સદર કેસમાં કમીટલ હુકમ કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અન્વયે હાલનો કેસ કમીટ કરી અત્રેની જિલ્લા સેશન્સ અદાલત તરફ મોકલી આપેલ, જે આધારે અત્રેની જિલ્લા સત્ર અદાલત, અમદાવાદમાં સદર કેસ સેશન્સ કેસ નં.૧૨૨/૨૦૨૩ આપી,રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૫) આરોપીઓ સામેનો હાલનો કેસ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થતાં, અત્રેની કોર્ટે હાલના કેસનં.૧૨૨/૨૦૨૩ ના આરોપીઓ વિરૂધ્ધ આંક–૧૨ થી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૨,૧૧૪ તથા જી.પી.એ.ક.૧૩૫(૧)મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ સબબનું તહોમત ફરમાવવામા આવેલ કે, '' આ ગુન્હાના કામે તમો ત્રણેય આરોપીઓએ ભેગા મળી તા.૦૩/૦૬/૨૦૨૨ ના આશરે કલાક ૨૦–૩૦ વાગ્યે ફરીયાદીશ્રીના મરણજનાર ભાઈ ઈર્શાદ મોહંમદઈકબાલ શેખ ઉ.વ.૩૬ રહે.મ.નં.૯ અલસાદ રેસીડન્સી,બિસ્મીલ્લા બેકરી પાછળ,ફતેવાડી કેનાલ પાછળ ફતેવાડી અમદાવાદનાઓના ઘરે બે દિવસ પહેલા થયેલ ઝઘડાના સમાધાનની વાતચીત કરવા ગયેલ તે વાતચીત દરમ્યાન ઈર્શાદ સાથે તમો આરોપીઓ વચ્ચે બોલાચાલી ઝઘડો થતાં ખૂન કરવાના ઈરાદે તા.૦૩/૦૬/૨૦૨૨ ના કલાક ૨૧–૦૫ પહેલા તમો આરોપીનં.–૨ ખાતુનબીબી તથા તમો આરોપીનં.–૩ રેશ્માબાનું નાઓએ ભેગા મળી ઈર્શાદને પકડી રાખતા ખૂન કરવામાં મદદગારી તથા તમો આરોપીનં.–૧ મોહમંદ મોહમંદ ઈકબાલ શેખનાએ છરીથી ઈર્શાદના ગળા ઉપર જીવલેણ ધા મારી ગળુ અર્ધ કાપી મૃત્યુ નિપજાવી ઈજા પહોચાડી ખુન કરી તમો ત્રણેય આરોપીઓએ એકબીજાની મદદગારી કરી મે.પોલીસ કમીશ્નરશ્રીના જાહેરનામાનો ભંગ કરી, તમો આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨,૧૧૪ તથા જી.પી.એ.ક.૧૩૫ અન્વયેના શિક્ષાને પાત્ર ગુન્હા આ અદાલતની હકુમતમાં કરેલ છે,'' આરોપીઓને સદર તહોમતનામુ વાંચી, સંભાળાવી, સમજાવી તે અંગે આરોપીઓનો

અનુક્રમે આંક–૧૩થી ૧૫ ૧૦ સુધી જવાબ નોંધતા આરોપીએ તેઓની સામેના તહોમતોનો ઈન્કાર કરતાં, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષના તમામ સાહેદોને તપાસાઈ ગયા બાદ અને આરોપીનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીઓએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈનકાર કરેલ છે અને તેઓને જાતે જુબાની આપવી નથી અને બચાવના સાહેદો તપાસવા નથી તેવું જણાવેલ છે.અમો ર્નિદોષ છીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી અમોને છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ. એડીશનલ પી.પી. શ્રી ની મૌખિક દલીલો સાંભળેલ છે. બચાવ પક્ષ તરફે આરોપીઓ તરફે વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો સાંભળેલ છે.

(૭) બંને પક્ષોની દલીલો તેમજ રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં, આ કેસના આખરી નિર્ણય સારું નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દા :–**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, મરણજનાર ઈર્શાદ મોહંમદઈકબાલ શેખ નાઓનુ મૃત્યુ સાઅપરાધ મનુષ્ય વધ છે?

૨. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આરોપીઓએ ભેગા મળી તા.૦૩/૦૬/૨૦૨૨ ના આશરે કલાક ૨૦–૩૦ વાગ્યે ફરીયાદીશ્રીના મરણજનાર ભાઈ ઈર્શાદ મોહમંદ ઈકબાલ શેખના ઘરે બે દિવસ પહેલા થયેલ ઝઘડાના સમાધાનની વાતચીત કરવા ગયેલ તે વાતચીત દરમ્યાન ઈર્શાદ સાથે આરોપીઓ વચ્ચે બોલાચાલી અને ઝઘડો થતા તા.૦૩/૦૬/૨૦૨૨ ના કલાક ૨૧–૦૫ પહેલા આ કામના આરોપીબેન ખાતુનબીબી તથા આરોપી રેશ્માબાનુ નાઓએ ભેગા મળી ઈર્શાદને પકડી રાખતા આરોપી મોહંમદ મોહંમદ ઈકબાલ શેખનાએ છરીથી ઈર્શાદના ગળા ઉપર જીવલેણ ઘા મારી ગળુ અર્ધ કાપી મ્રૃત્યુ નિપજાવી ઈજા પહોંચાડી ખુન

કરી ત્રણેય આરોપીઓએ એકબીજાની મદદગારી કરી પોલીસ કમીશ્નરના જાહેરનામાનો ભંગ કરી નાશી જઈ ઈ.પી.કો.ક. ૩૦૨,૧૧૪ તથા જી.પી.એ.ક.૧૩૫(૧) મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૩. શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

મુદાનં.૧– હકારમા

મુદાનં.૨– હકારમા

મુદાન.૩– આખરી હુકમ મુજબ

(૯) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–: કારણો :–**

(૧૦) આ કામે મુદ્દાના નિર્ણયો માટેના કારણોની ચર્ચા કરતાં પહેલાં, આ કામે ફરીયાદ પક્ષે તથા બચાવ પક્ષે થયેલ મોખિક દલીલોની ચર્ચા કરવી અત્રે ઉચિત જણાય છે. ફરીયાદ પક્ષે નીચે મુજબની દલીલો થયેલ છે.

(૧૧) આ કામે ફરીયાદ પક્ષ તરફથી વિ. એડીશનલ પી. પી. શ્રી ની ધ્વારા મૌખિક દલીલ કરવામાં આવેલી છે તેમા તેઓએ ફરીયાદીના પુરાવા ઉપર ભાર આપી ફરીયાદીએ તેમના પુરાવામાં બનાવની સંપૂર્ણ હકીકતને સમર્થન કરેલ છે આ કામના આરોપીઓએ એકબીજાનને મદદગારી કરી મરણજનારના ગળા ઉપર જીવલેણ ઘા મારી ગળુ અર્ધ કાપી મ્રત્યુ નીપજાવેલ છે પી.એમ.કરનાર ડોકટરે મરણજનારનુ મ્રૃત્યુનુ કારણ " shock as a result of cut throat injuries" હતુ. તેમજ ત.ક.અમલદારે તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ ચાર્જશીટ દાખલ કરેલ છે. આરોપી સામેનો ગુનો આ કામે રજુ થયેલ પુરાવા આધારે સાબીત થતો હોય તેવા સંજોગોમાં સરકારી વકીલશ્રી આરોપીને તકસીરવાન ઠેરવવા અરજ કરેલ છે.

(૧૨) બચાવ પક્ષ તરફથી આરોપીઓ તરફે વિ. વ.શ્રીઓ ધ્વારા વિસ્તૃત રીતે મોખિક દલીલો કરેલ છે. બચાવ પક્ષના વિ.વ. શ્રીની સૌથી મહત્વની રજૂઆતો એવી છે કે, આ

કામે જે સાક્ષીઓના પુરાવા નોંધવામાં આવેલ છે તેનાથી આરોપીઓ સામેના કોઈ આક્ષેપો પુરવાર થતા નથી. હાલના આરોપીઓ સામે સદર ગુન્હામાં મરણજનારને મારી નાખવાનો આક્ષેપ છે પરંતુ આ કામે રજુ પુરાવાથી હાલના આરોપીઓ સામેનો ગુનો પુરવાર થતો નથી. હાલના આરોપીઓએ મરણજનારનુ મૃત્યુ નિપજાવેલ નથી. આ કામે તપાસવામાં આવેલ સાહેદોની જુબાનીથી કોઈ સમર્થન મળતુ નથી . આરોપીઓ તરફે નીચે મુજબના ચુકાદા પર આધાર રાખવામા આવેલ છે.

(૧)એ.આઈ.આર.૧૯૮૪,સુપ્રિમ કોર્ટ,૧૬૨૨,સરદ બીરધીચંદ સારદા વિ.સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર

(૨) ૧૯૯૬,સુપ્રિમ કોર્ટ,એસ.સી.સી.(ક્રિમીનલ ) ૧૨૦૫, સી.ચેન્ગારેડી વિ. સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ

(૩) નામદાર સુપ્રિમ કોર્ટ,ક્રિમીનલ અપીલનં.૮૬૮-૮૬૯ સને ૨૦૦૪ , રમેશભાઈ વિ. વિરુધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન

(૪) ૨૦૨૫,એસ.એ.આર.ઓનલાઈન (એસ.સી.) ૯૮૦ નીલમકુમારી વિ. સ્ટેટ ઓફ હિમાચલપ્રદેશના ચુકાદાઓમા પ્રસ્થાપિત થયેલ સીધ્ધાતોપર આધાર રાખીઆરોપીઓ વિરુધ્ધ કેસ નિ:શંકપણે પુરવાર થતો ન હોય આરોપીઓને છોડી મુકવા અરજ કરેલ છે.

District & Sessions Court Ahmedabad[Rural] सत्यमेव जयते

**<u>ફરીયાદપક્ષનો પુરાવો:-</u>**

**<u>મેડીકલ પુરાવો:-</u>**

(૧૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે આંક-૨૦ થી સાહેદનં.-૧૧ સાહેદ ડો.કોમલબેન મહેશકુમાર પટેલને સોગંદઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,તા. ૩/૬/૨૦૨૨ ના રોજ ૧૦:૨૦ વાગે ડો.નીકીતાબેન સોલા સીવીલ ખાતે ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન એક ૧ ૦૮ આઈડી નં. ૧૦૬૩૮૫નાઓ ત્રણ દર્દીને તપાસ સારુ લઈ આવેલ જેઓના કેસ કઢ ાવી એમએલસી નોંધી તપાસ શરુ કરેલ. દર્દી મોહંમદશાન ઈકબાલભાઈ શેખનાઓને એમએલસી નં.૪૦૨૩/૨૨ના થી તપાસેલ તથા હિસ્ટરી પુછતા

તેમણે જણાવેલ કે સામેવાળી વ્યકિતએ તા. ૩/૬/૨૦૨૨ ના સમય ૯:૩૦ વાગે રાત્ર ે ફતેવાડી જુહાપુરા ખાતે છરીથી માર મારેલ છે. દર્દી સંપુર્ણ સભાન અવસ્થામા હતા તથા ઈજામા (૧) **2X0.7 C.M.**ના જમણા હાથના ભાગે મલ્ટીપલ ઘા (ઈન્સાઈસ્ડ વુન્ડ) જણાઈ આવેલ. (૨) બંને હોઠની ઉપરના ભાગે **3 X 1 X 0.5 C.M.** થી **2 X 1 X 0.5 C.M.** સાઈઝના છુંદાયેલા ઘા જોવા મળેલા. (૩) ડાબી આંખની નીચે **3 X 0.2 X 1 C.M.**નો છુંદાયેલો ઘા જોવા મળેલો.(૪) બીજો એક ડાબી આંખની નીચે **0.5 X 0.2 X 0.1 C.M.**નો છુંદાયેલો ઘા જોવા મળેલો.(૫) ડાબા કાનની નીચે **5 X 0.2 X 0.1 C.M.**નો ઈન્સાઈસ્ડ વુન્ડ જણાઈ આવેલ. (૬) ડાબા હાથના ભાગે ત્રણ જેટલા ઘા જોવા મળેલ જે **2 X 1** અને **1 X 1 C.M.**નો (ઈન્સાઈસ્ડ વુન્ડ) જણાઈ આવેલ.દર્દીને પ્રાથમીક સારવાર આપી સર્જરી વિભાગ અને ડેન્ટલ વિભાગ અને આંખના ડોકટરે તપાસેલા, ટાંકા લીધેલા તથા પ્લાસ્ટીક સર્જરીની વધુ સારવાર માટે અસારવા સીવીલમા રીફર કરેલા. હુ આજરોજ દર્દી મોહંમદશાન ઈકબાલભાઈ શેખનાઓના અસલ ઓપીડી કેસ પેપર્સ મારી સાથે લઈ આવેલ છુ જે રજુ કરુ છુ જે રજુ દા.આંક–૨૧ આપવામા આવે છે. આ દર્દીને વધુ સારવાર માટે અસારવા સીવીલ હોસ્પીટલ મોકલવામા આવેલા જે અંગેનુ ટ્રાન્સફર ફોર્મ મારી સાથે લાવેલ છુ જે રજુ કરુ છુ જે રજુ દા.આંક–૨૨ આપવામા આવે છે.મને નિશાની –૧૭/૧૭ થી રજુ થયેલ મોહંમદશાન શેખનાઓનુ સર્ટીફીકેટ બતાવામા આવે છે જેમા ડો.નીકીતાની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે સર્ટીફીકેટ રજુ દા.આંક–૨૩ આપવામા આવે છે.આ સાથે દર્દી નં.૨ રેશમાબાનુ સમીરખાન પઠાણનાઓને હિસ્ટરી પુછતા તેમણે એમએલસી નં.૪૦૨૩/૨૨ મુજબની હીસ્ટરી લખાવેલી તથા તેણીએ અમીનાખાતુન હોસ્પીટલ ખાતે પ્ર ાથમીક સારવાર લીધેલી હતી. દર્દી સંપુર્ણ સભાન અવાસ્થામા હતા તથા ઈજામા (૧) ડાબા હાથના બાવડાના ભાગે **2 X 0.5 C.M.**નો ઈન્સાઈઝ વુન્ડ જોવા મળેલો કે જેની ધાર તીક્ષ્ણ હતી. (૨) ડાબા હાથના હથેળીના ભાગે **7 X 0.1 C.M.**નો ઈન્સાઈઝ વુન્ડ જોવા મળેલો કે જેની ધાર તીક્ષ્ણ હતી તથા લોહી ગંઠાયેલુ હતુ. દર્દીની પ્ર

ાથમીક સારવાર કરેલી તથા સર્જરી અને ઓર્થોવિભાગના ડોકટરોએ તપાસેલા ટાં કા લીધેલા અને રજા આપેલી. હુ આજરોજ દર્દી રેશમાબાનુ સમીરખાન પઠાણનાઓનુ અસલ ઓપીડી કેસ પેપર્સ મારી સાથે લઈ આવેલ છુ જે રજુ કરુ છુ જે રજુ દા.આંક–૨૪ આપવામા આવે છે.મને નિશાની –૧૭/૧૮ થી રજુ થયેલ રેશમાબાનુ સમીરખાન પઠાણનાઓનુ સર્ટીફીકેટ બતાવામા આવે છે જેમા ડો.નીકીતાની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે સર્ટીફીકેટ રજુ દા.આંક–૨૫ આપવામા આવે છે.આ સાથે દર્દી નં.૩ ખાતુનબીબી મો.ઈકબાલભાઈ શેખનાઓને હિસ્ટરી પુછતા તેમણે એમએલસી નં .૪૦૨૩/૨૨ મુજબની હીસ્ટરી લખાવેલી. દર્દીને તપાસતા તે સંપુંણ સભાન અવસ્થામા હતા તથા ઈજાઓમા (૧) જમણા હાથના કોણીના ઉપરના ભાગે (કયુબાઈટલ ફોસા)ના ભાગે **5 X 0.5 C.M.**નો ઈન્સાઈઝ વુન્ડ જોવા મળેલો કે જેની ધાર તીક્ષ્ણ હતી (૨) જમણા હાથના ભાગે કોણીથી પાંચ સે.મી. નીચે **4 X 0.1 C.M.**નો ઈન્સાઈઝ વુન્ડ જોવા મળેલો કે જેની ધાર તીક્ષ્ણ હતી. દર્દીની પ્ર ાથમીક સારવાર કરેલી તથા સર્જરી અને ઓર્થોવિભાગના ડોકટરોએ તપાસેલા ટાં કા લીધેલા અને રજા આપેલી. હુ આજરોજ દર્દી ખાતુનબીબી મો.ઈકબાલભાઈ શેખનાઓનુ અસલ ઓપીડી કેસ પેપર્સ મારી સાથે લઈ આવેલ છુ જે રજુ કરુ છુ જે રજુ દા.આંક–૨૬ આપવામા આવે છે. મને નિશાની –૧૭/૧૯ થી રજુ થયેલ ખાતુનબીબી મો.ઈકબાલભાઈ શેખનાઓનુ સર્ટીફીકેટ બતાવામા આવે છે જેમા ડો.નીકીતાની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે સર્ટીફીકેટ રજુ દા.આંક–૨૭ આપવામા આવે છે.એ વાત ખરી છે કે આ ત્રણેય દર્દીઓને જેટલી પણ ઈજાઓ હતી તે તમામ ઈજાઓ કોઈ વ્યકિત છરી મારે તો તેનાથી થઈ શકે તેવી ઈજાઓ હતી.

આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં એવી હકીકત નીકળી આવે છે કે, હુ સને ૨૦૧૩ થી સીવીલ હોસ્પીટલમા ફરજ બજાવુ છુ.એ વાત ખરી છે કે ત્રણે દર્દીઓની સારવાર તા.૩/૬/૨૨ ના રોજ થયેલી. એ વાત ખરી છે કે આ ત્રણે દર્દીઓને મે જાતે તપાસી સારવાર આપી નથી.

મને એમએલસી ન. ૪૦૨૩/૨૨ બતાવામા આવે છે તે જોઈને કહુ છુ કે તેમા હિસ્ટરી આપનાર વ્યકિતએ કોઈના નામ જાહેર કરેલ નથી. એ વાત ખરી છે કે ત્રણેય દર્દીઓએ એકસરખી હિસ્ટરી આપેલી છે. મને એમએલસી નં.૪૦૨૫/૨૨ બતાવામા આવે છે તે જોઈને કહુ છુ કે તેમા ફતેવાડી જુહાપુરા તેવુ લખેલુ છે તેમા કોઈ ચોકકસ ગલી, સોસાયટી, વિસ્તાર, રોડ, ઘર નંબર વિગેરે જણાવેલ નથી. એ વાત ખરી છેકે આ ત્રણેય સર્ટીફીકેટોમા તપાસ કરનાર ડોકટરશ્રીએ કોઈ લેખીત ઓપીનીયન આપેલો નથી.

અમ, સદર સાહેદની જુબાની ધ્યાને લેતા તેઓએ આ કામના આરોપીઓને ઈજા થયેલહોય તે અંગેનીસારવાર આપેલ હોવાની હકીકત સોગંદઉપર જણાવેલછ ે અને જણાવેલ છે કે, ત્રણેય આરોપીઓએ એકસરખી હિસ્ટ્રી આપેલ જે ત્રણેય સાહેદોએ આપેલ હિસ્ટ્રી ધ્યાને લેતા, તેઓ પર હુમલો થયેલ હોવાની હિસ્ટ્રી આપવામા આવેલ છે.

(૧૪) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે આંક -૨૮ થી સાહેદનં.-૧૨ સાહેદ ડો.દિવ્યેશ એમ. વાઘેલાને સોગંદઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,હુ ગઈ તા.૪/૬/૨૦૨૨ ના રોજ વીએસ હોસ્પીટલમા મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ બજાવતો હતો. તે દિવસ ે વેજલપુર પો.સ્ટે.ના પીઆઈ એમ.સી.ચૌધરી નાઓએ યાદી સાથે મૃતક ઈર્શાદ સ/ઓફ મોહંમદ ઈકબાલ શેખનાઓનુ પીએમ કરાવા સારુ તા.૪/૬/૨૦૨૨ ના રોજ સવારે ૯:૧૦ કલાકે લઈ આવેલા. મે શબનુ પોસ્ટમોર્ટમ તા.૪/૬/૨૦૨૨ ના રોજ સવારે કલાક ૯:૨૦ વાગે શરુ કરી તે જ દિવસે સવારે ૧૧:૩૦ કલાકે પુર્ણ કરેલ. મૃતકનુ શબ મલ્ટીકલર બેડશીટથી કવર હતી જે લોહીથી ખરડાયેલી હતી. શબ ઉપર કાળા કલરનુ આખી બાયનુ ટીશર્ટ પીળા કલરની ફુલોવાળી ડીઝાઈન સાથે હતુ જેના ઉપર લોહીના નિશાન હતા. ટીશર્ટની કોલરના પાછળના ભાગે ફાટેલુ નિશાન હતુ જે નવ સે.મી. લાંબુ હતુ. જમણી બાજુના ખભાથી કોણી સુધીના ભાગ ઉપર ટીશર્ટ બાર સે.મી. ફાટેલુ હતુ. જમણી બાજુના હાથના ટીશર્ટ ઉપર ફાટેલુ નિશાન હતુ જે **2 X 3** સે.મી. હતુ. જમણી ટીશર્ટના

આગળના ભાગે હાથની સાઈડમા **3 X 2** સે.મી. નુ ફાટેલાનુ નિશાન હતુ. ડાબી બાજુના ટીશર્ટની પાછળના ભાગે ખભાથી કોણી સુધી દશ સે.મી. અને કોણીથી કાંડા સુધી અગીયાર સે.મી. ફાટેલાનુ નિશાન હતુ. ટીશર્ટની બંને બાજુના કાંડાએ આગળ અને પાછળના ભાગે **3 X 4** સે.મી.લાંબુ ફાટેલાનુ નિશાન હતુ. ટીશર્ટની જમણી બાજુની છાતીના ભાગે **1.5** સે.મી. જમણા નીપલની ઉપર **3 X 3** સે.મી. નુ ફાટેલાનુ નિશાન હતુ. ટીશર્ટની જમણી બાજુની છાતીના ભાગે નીપલથી ૨.૫ સે.મી. નીચે અને સ્ટર્નમથી પાંચ સે.મી. દુર **2 X 1.5** સે.મી. ફાટેલાનુ નિશાન હતુ. ટીશર્ટની જમણી બાજુની છાતીના ભાગે ત્રણ સે.મી. જમણા નીપલની નીચે અને **3.5** સે.મી. સ્ટર્નમથી દુર **2 X 1.5** સે.મી. ફાટેલાનુ નિશાન હતુ. ટીશર્ટની જમણી બાજુના કોલરથી નીચે આગળના ભાગે બે સ.મી. લાંબુ ફાટેલાનુ નિશાન હતુ. ટીશર્ટની અંદરના ભાગે અને પાછળના ભાગે પીએમ નંબર, તારીખ અને મે મારી સહી સાથે ડો.દિવ્યેશ એમ. વાઘેલા લખેલુ હતુ.મૃતકે આછા વાદળી કલરના પેન્ટ સાથે આછા લીલા કલરનો બેલ્ટ પહેરેલો હતો જેના ઉપર લોહીના નિશાન હતા. પેન્ટની પાછળના જમણા પોકેટ ઉપર ડીનીમ ૯૬ લખેલ હતુ. પેન્ટના પાછળના ડાબા પોકેટ ઉપર JEANS EA લખેલુ હતુ. પેન્ટના વેસ્ટબેન્ડ તથા જમણા પોકેટની ઉપર THE ULTIMAT CHOICE L,Lyric JEANS લખેલુ હતુ. પેન્ટના જમણા પોકેટની અંદરના ભાગે પીએમ નંબર, તારીખ અને મે મારી સહી સાથે ડો.દિવ્યેશ એમ. વાઘેલા લખેલુ હતુ.સફેદ બેન્ડેજ જે લોહીથી ખરડાયેલ હતી અને ડાબા હાથ ઉપર બાંધેલી હતી. બધા કપડા ઘણી જગ્યાએ લોહીથી ખરડાયેલા હતા. શબ ઓળખાયેલુ હતુ. મૃતકના નામની સ્લીપ જમણી બાજુના હાથની આગળના બાજુએ હતી. જમણા હાથની આગળના ભાગે દઝાયેલાનુ નિશાન હતુ. શબનો બાંધો સામાન્ય હતો. રાઈગરમોટીસ સુવિકસીત હાલતમા હતુ. પોસ્ટમોર્ટમ લીવીડીટી બોડીના પાછળના ભાગે દબાણવાળા ભાગે જોવા મળેલી અને તે ફિક્સ હતી. શબની બંને આંખો અડધખુલ્લી હતી. શબનુ મોઢુ અર્ધખુલ્લુ હતુ. જીભ મોઢાના ભાગમા હતી. સુકાઈ ગયેલા લોહીના નિશાનો બંને હોઠ,હાથ અને છાતી

અને મોઢા ઉપર જોવા મળેલા હતા.શબનુ બાહ્ય પરીક્ષણ કરતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી.(પ.૧) ગળાની આગળના ભાગે જમણા જડબાથી ૩.૫ સે.મી. નીચે અને ગાલના મધ્ય ભાગથી ૩ સે.મી. નીચે તથા ૩ સે.મી.નીચે ડાબા જડબા તરફ જતો ઘા નો નિશાન હતો જે ૧૩.૫ ×૩ સે.મી.નો હતો જે ચામડી, સ્નાયુઓ, માસપેશીઓ, શ્વાસનળી, અન્નનળી,સ્પાઈનના સી–૩ મણકા સુધી ઉંડો ઘા હતો.(પ.૨) ઉપરના ઘા ની સમાંતર ૨.૫ સે.મી. નીચે ગળાના આગળના ભાગે જમણા જડબાથી એક સે.મી. દુર ૨.૫ × ૧ સે.મી. અને ૪ સે.મી. ઉંડો ઘા હતો. જે ત્વચા સ્નાયુઓને કટ કરતો હતો. જેનો અંદરનો ભાગ તીક્ષ્ણ અને બહારનો ભાગ પહોળો હતો. (પ.૩) જમણી બાજુના ગળા ઉપર ૫ × ૦.૫ સે.મી.નો ઘા હતો જે ત્વચા અને સ્નાયુને કટ કરતો હતો. (પ.૪) જમણી બાજુના ગળા ઉપર ઉપરના ઘા ની સમાંતર પરંતુ ૨ સે.મી. નીચે ૬ × ૦.૫ સે.મી. ઘા હતો જે ત્વચા અને સ્નાયુને કટ કરતો હતો. (પ.૫) ડાબી બાજુના ગાલ ઉપર આડો ૨ × ૦.૫ સે.મી.નો ઘા હતો જે ત્વચાને કટ કરતો હતો. (પ.૬) ડાબી બાજુના ગળા ઉપર ડાબા જડબાથી બે સે.મી. નીચે પરંતુ જડબાની સમાંતરે ૩ × ૦.૫ સે.મી.નો ઘા હતો જે ત્વચા અને સ્નાયુને કટ કરતો હતો. (પ.૭) ડાબી બાજુએ ગળા ઉપર ઉપરના ઘા ની સમાંતર પરંતુ ૦.૫ સે.મી. નીચે ૫.૫ × ૦.૫ સે.મી. ઘા હતો જે ત્વચાને કટ કરતો હતો. (પ.૮)ડાબા ગાલ ઉપર નીચેના હોઠને સમાંતર પરંતુ ૦.૫ સે.મી. નીચે આડો ૨ × ૦.૫ સે.મી. ઘા હતો જે ત્વચાને કટ કરતો હતો. (પ.૯) જમણી છાતીએ જમણા નીપલથી એક સે.મી.નીચે અને સ્ટર્નમની જમણી બાજુએથી ૮.૫ સે.મી. દુર ૧.૫ ×૦.૫ સે.મી. ઘા હતો જે ત્વચા અને સ્નાયુને કટ કરતો હતો. (પ.૧૦) જમણા ખભાની આગળના ભાગે ૦.૫ × ૦.૫ સે.મી.નો ઘા હતો જે ત્વચા ને કટ કરતો હતો. (પ.૧૧) ડાબા હાથ ઉપર ઘણા બધા ઘસારાના નિશાન હતા જે ૦.૨ × ૦.૧ સે.મી.જેટલા હતા.(પ.૧૨) ડાબા હાથની ઈન્ડેક્ષ આંગળીના મધ્યા ભાગમા બે સ ે.મી.લાંબો ઘા હતો જે ત્વચાને કટ કરતો હતો. (પ.૧૩) ડાબા હાથની ટચલી આંગળીના મધ્ય ભાગ ઉપર ૧ × ૦.૨ સે.મી. અને આગળના ભાગ ઉપર ૧×૦.૨ સ

ે.મી.નો ઘા હતો જે ત્વચાને કટ કરતો હતો. (પ.૧૪) ડાબા હાથની હથેળીની રીંગફીંગર ઉપરના મધ્ય ભાગ ઉપર ૦.૫×૦.૨ સે.મી.નો ઘા હતો જે ત્વચાને કટ કરતો હતો. (પ.૧૫) જમણા હાથના અંગુઠા ઉપર ૧.૫ × ૦.૨ સે.મી.નો ઘા હતો જે ત્વચા અને સ્નાયુને કટ કરતો હતો. (પ.૧૬) જમણા અંગુઠાની ટીપ ઉપર ૧.૫ × ૦.૨ સે.મી.નો ઘા હતો જે ત્વચા અને સ્નાયુને કટ કરતો હતો. (પ.૧૭) જમણા હાથની ઈન્ડેક્ષ ફીંગર ઉપર ૧.૫ ×૦.૫ સે.મી.નો ઘા હતો જે ત્વચાને કટ કરતો હતો. (પ.૧૮) જમણા હાથની મીડલ ફીંગર ઉપર એક સે.મી. લાંબો ઘા હતો જે ત્વચાને કટ કરતો હતો. (પ.૧૯) જમણા ખભાની પાછળના ભાગે ઘસારાના નિશાનો હતો જે ૩ × ૧ અને ૩×૨ સે.મી.ના હતા.(પ.૨૦) ડાબી કોણીના પાછળના ભાગે ઘસારાના નિશાનો હતા જે ૨×૧ સે.મી અને ૧.૫ ×૦.૫ સે.મી. ના હતા જેની ત્વચા ecchymosed હતી. (પ.૨૧) જમણા ઘુટણની આગળના ભાગે ઘસારાના નિશાનો હતા જે ૨ × ૧ સે.મી. ૨ × ૧ સે.મી.ના હતા જેની ત્વચા ecchymosed હતી. (પ.૨૨) માથાના પાછળના ભાગે ડાબી સાઈડમા કન્ટયુઝન હતુ જેની સાઈઝ ૫ × ૪ સે.મી. હતી.મૃતકના શરીર ઉપર દબાણ વડે સ્પર્શ કરતા કોઈ ફ્રેકચર જણાઈ આવેલ ન હતુ. કોલમ નં.૧૭ મા દર્શાવેલી ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. શબનુ આંતરીક પરીક્ષણ કરતા માથાની પાછળના ડાબા ભાગના ટીસ્યુ ecchymosed હતા. મગજના ડયુરા ઈન્ટેકટ હતા. મગજ કન્જેસ્ટેડ અને ઈડીમેટસ હતુ. મોટી રકતવાહીનીઓ ખાલી હતી. જઠરમા અંદાજે ૩૦૦ એમ.એલ.જેટલુ કથ્થઈ કલરનુ અર્ધપચેલ ખાદ્ય પ્રવાહી હતુ. જઠરની દિવાલ કન્જેસ્ટેડ હતુ. આંતરડામા ઝાડો જણાયેલ હતો. લીવર અને પીતાશય પેલ હતુ. પકવાશય, બરોળ અને કીડની પેલ હતી. મુત્રાશય ખાલી હતુ. કેમીકલ અનાલીસીસ માટે જઠર અને આંતરડાનો થોડો ભાગ, લીવર અને કીડનીનો થોડો ભાગ અને લોહી ત્રણ કાચની બોટલમા સીલ અને લેબલ કરીને ત્યા હાજર પોલીસને સુપ્રરત કરેલ. શબ ઉપરનુ ટીશર્ટ, પેન્ટ બેલ્ટ સાથેનુ અને બેન્ડેજ પણ ત્યા હાજર પોલીસને સુપ્ર

રત કરી આપેલ. પોલીસે મૃતકનુ અલગથી બ્લડ સેમ્પલ માંગેલુ જે પણ અમે સીલબંધ હાલતમા પોલીસને સોપી આપેલુ. બંને હાથના નખ સીલબંધ હાલતમા ત્યા હાજર પોલીસને સુપ્રરત કરેલ. મૃતકનુ મૃત્યુ મારા અભિપ્રાય મુજબ ગળુ કપાવાના ઘા થી થયેલા શોકના લીધે થયેલ હતુ. પરંતુ ચોકકસ અભિપ્રાય આપવા સારુ વિશેરાનો રીપોર્ટ આવે ત્યા સુધી મૃત્યુનુ કારણ અનામત રાખેલુ. વિશેરાનો રીપોર્ટ તા.૬/૮/૨૦૨૨ ના રોજ જાવક નં.**FSL/TPN/2022/T/1192** થી આવી જતા જેમા વિશેરામા કોઈ ઝેરની હાજરી જણાઈ આવેલ ન હતી જેથી મૃતકનુ મૃત્યુ ગળુ કપાવાના ઘા થી થયેલા શોકના લીધે થયેલ હતુ. મને નિશાની – ૧૭/૨૭ થી રજુ થયેલ અસલ પી.એમ.નોટ બતાવામા આવે છે જે મે મૃતક ઈર્શાદ સ/ઓફ મોહંમદ ઈકબાલ શેખનાઓનુ પોસ્ટમોર્ટમ કરી પીએમ નોટ તૈયાર કરેલ જે પીએમનોટના દરેક પાને તેમજ પીએમનોટના અંત ભાગે મારી સહી અને હોદાનો સિકકો બાંધેલ છે તેમજ વિશેરા રીપોર્ટ આવ્યા બાદ મે તા.૨૭/૮/૨૦૨૨ ના રોજ મે મારો ફાઈનલ ઓપીનીયન આપેલ હતો જેમા પણ મારી સહી અને હોદાનો સિકકો બાંધેલ છે જે ઓળખી બતાવુ છુ જે પીએમ નોટ રજુ દા.આંક–૨૯ આપવામા આવે છે.એબ્રેઝન સિવાયના ઈન્સાઈજ વુન્ડ અને સ્ટેબ વુન્ડની જે ઈજાઓ મે મારા પીએમ નોટમા દર્શાવેલી છે તે તમામ ઈજાઓ છરી મારવાથી થઈ શકે તેવી ઈજાઓ છે. આ તબકકે વિ.સરકારી વકીલ શ્રી સાહેદને મુદામાલ બતાવા રજુઆત કરતા સદરહુ કામે તપાસ કરનાર અધિકારીએ વારંવાર યાદી કરવા છતા આજદીન સુધી મુદામાલ જમા કરાવેલ નથી જેથી મુદામાલ જમા થયેથી સાહેદને બતાવાનો સરકારનો હકક અબાધીત રાખવામા આવે છે. સદર સાહેદની મુદામાલ બતાવવાનો હકક અબાધિત રાખેલ હોવાછતા કેસની ટ્રાયલ પુર્ણ થયેલ ત્યાર સુધી સરકારપક્ષતરફે સદર સાહેદને મુદામાલ બતાવવામા આવેલ નથી કે તેવા મુદામાલ કે શબ પર જોવામા આવેલ ઈજાઓ થઈ શકે છે કે કેમ તે હકીકત હથીયાર બતાવી સમર્થનકારી પુરાવો રજુ નથી.

આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં એવી હકીકત નીકળી આવે છે કે, એ વાત ખરી છે કે આ પોસ્ટમોર્ટમ તા.૪/૬ના રોજ કરેલુ અને એફએસએલનો રીપોર્ટ તા.૬/૮/૨૦૨૨ ના રોજ આવેલો. એ વાત ખરી છે કે આ બે સમય દરમ્યાન મોતના કારણ અંગે હુ કોઈ ફાઈનલ નિર્ણય ઉપર પહોચેલો નહી. એ વાત ખરી છે કે કોઈ ઝપાઝપી થાય ત્યારે સામાવાળા વ્યકિતએ જે જગ્યાએ પકડી રાખેલ હોય તેવામા બચાવ કરતા તે પકડી રાખેલ જગ્યા ઉપર એબ્રેઝન થવાની શકયતા છે.

આમ, સદર આંક–૨૮ થી સાહેદનં.–૧૨ સાહેદ ડો.દિવ્યેશ એમ. વાઘેલાનાઓએ પોતાની જુબાની દરમ્યાન આંક–૨૯ થી પી.એમ. રીપોર્ટ રજુ કરેલ છે જે રીપોર્ટ ધ્યાને લેતા, મરણજનારનુ મૃત્યુનુ કારણ '' Shock as a result of cut throat injuries. However, vissera preserved for C/A" તે મુજબનો તા.૪/૬/૨૦૨૨ ના રોજ રીપોર્ટ આપેલ છે વધુમા સદર સાહેદે તા.૨૭/૮/૨૦૨૨ ના રોજ મૃત્યુનુ ફાઈનલ ઓપીનીન આપેલ છે જેમુજબ મૃત્યુનુ કારણ '' Shock as a result of cut throat injuries."આપેલ છે. આમ, મરણજનારનુ મૃત્યુ કુદરતી રીતે કે અકસ્માતના કારણે થયેલ નથી અને મૃત્યુનુ કારણ ગળુ કપાવાવની ઈજાના કારણેથયેલ હોવાનુ પુરવાર થાય છે. જેથી સ્પષ્ટરીતે એ હકીકત પુરવાર થાય છેકે મરણજનારનુ મૃત્યુ સાપરાધ મનુષ્યવધ છે. **જેથી મુદાનં.–૧ નો નિર્ણય હકારમા** આપવામાં આવે છે.

**<u>સ્થળ નિરીક્ષણ કરનાર સાયન્ટીફીક ઓફીસર :–</u>**

(૧૫) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે આંક–૧૯ થી સાહેદ રશ્મિકાંત બાબુલાલ મજમુદારને સોગંદઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હું હાલમાં સને ૨૦૧૬ થી સાયન્ટીફિક ઓફીસર મોબાઈલ ઈન્વીગેસ્ટીશન વાન અમદાવાદ શહેર ખાતે મારી ફરજ બજાવું છું. સદર ફરિયાદ દરમ્યાન મને તા. ૦૩/૦૬/૨૦૨૨ ના રોજ ટેલીફોનીક મેસેજ દ્રારા વેજલપુર પો.સ્ટે.ના ફ.ગુ.ર.નં. ૨૦૮૧૬/૨૦૨૨ ના ગુનાના કામની મને જાણ કરેલ હતી. જેથી

હું તા. ૦૪/૦૬/૨૦૨૨ ના રોજ કચેરી દ્વારા ફાળવેલ પ્રાથમિક પરીક્ષણ ટેસ્ટ કીટ સાથે લઇ અલસાદ રેસીડેન્સી, બિસ્મીલ્લા બેકરીની પાછળ, ફતેહવાડી કેનાલ પાછળ, ફતેવાડી ખાતે પહોચેલ, સદર સ્થળે તપાસ કરનારા અધિકારીશ્રી એમ.સી. ચૌધરી પોલીસ ઇસ્પેક્ટર, વેજલપુર પો.સ્ટે.નાઓ દ્વારા બનાવ સ્થળે ચાદી સોપેલ તેમજ બનાવ સંબંધે વિગતે સમજ કરેલ હતી. આજરોજ હું મારી સાથે સ્થળ પરીક્ષણ કરવા પી.આઇ.એ આપેલ ચાદી સાથે લાવેલ છું તે જોઇને કહું છું કે તેમાં મારી સહી છે જેમાં સમય અને તારીખ લખેલ છે. જે ચાદી રજુ દાખલ આંક – ૨૦ A આપવામાં આવે છે. સદર બનાવનું સ્થળ મ.નં. ૯, અલસાદ રેસીડેન્સી, બિસ્મીલ્લા બેકરીની પાછળ, ફતેહવાડી કેનાલ પાછળ, ફતેવાડી ખાતે આવેલ હતું. સદર મકાનની ખુલ્લી જગ્યામાં પ્રવેશવા માટે કંપાઉન્ડ દીવાલ તેમજ લોખંડની જાળી ઝાપલી વાળો દરવાજો જોવા મળેલો. સદર દરવાજાથી પ્રવેશતા ઓશરીનો ખુલ્લો ભાગ જેને ભોંયતળીચે પ્લાસ્ટર કરેલ હતું. સદર જાળી ઝાપલી વાળા દરવાજાની સમાંતર દિવાલના અંદરના ભાગે સુકાચ ગયેલ રતાશ પડતા ભુખરા રંગના ડાઘ તેમજ ઓશરીમાં ભોંચતળીચે છુટાછવાચા રતાશ પડતા ભુખરા રંગના ડાઘ જોવા મળેલ હતા. સદર ઓશરીમાં બીજા માળે જવા માટેનું દાદરાવાળી સીડી દક્ષિણીની જોવા મળેલી જેની નીચે દક્ષિણ પશ્ચિમના ખુણે સંડાસ આવેલ હતું. સદર મકાનનો મુખ્ય પ્રવેશદ્વાર લાકડાનો એક કમાડવાળો દરવાજો પુર્વના મુખ ધરાવતો જોવા મળેલ હતો. સદર દરવાજાના બહારના ભાગે ભોંચતળીચેથી ત્રણ ફુટની ઉંચાઇ સુધી તેમજ ૨ ફુટની પહોળાઇમાં અનિચમિત આકારના ઘેરાવામાં રેલા તેમજ ધબ્બા સ્વરુપના રતાશ પડતા ભુખરા રંગના અંશત સુકાઇ ગયેલ ડાઘ જોવા મળેલા. સદર પ્રવેશદ્વારની સમાંતર દિવાલ પર તેમજ ઉત્તરની દિવાલ પર કાચ તેમજ એલ્યુમિનિચમ સેક્શનની બારી જાવો મળેલી. સદર દરવાજાથી પ્રવેશતા ૧૨*૧૧ ફુટ આશરોનો રુમ જોવા મળેલો. સદર રુમમાં ભોંચતળીચે ક્રીમ રંગની વિટ્રીફાઇડ ટાઇલ્સ લાગેલી હતી. સદર રુમના પ્રવેશદ્વાર થી પશ્ચિમ તરફ ૫ ફુટના અંતર સુધી ઉતરની દિવાલને અડીને રતાશ પડતા ભુખરા રંગનુ ભીનુ ધાબુ જોવા મળેલુ. સદર બનાવ સ્થળે ઉતરની દિવાલને અડીને ૧૦ ઇંચ લંબાઇનું લોખંડનો હાથો ધરાવતી છરી, જેનો ફળ ૫ ઇંચ તેમજ હાથો ૫ ઇંચ, જેનુ ફળ એક સાઇડ ધારદાર તેમજ રતાશ પડતા ભુખરા રંગના ડાઘથી ખરડાયેલુ જોવા મળેલું. સદર પ્રવેશદ્વારથી ૨ ફુટના અંતરે પશ્ચિમ તરફ ઉત્તરની દિવાલથી દક્ષિણે ૨ ફુટના અંતરે એક ધાતુનું ૫ ઇંચ લંબાઇ ધરાવતું ફળ જેની એક સાઇડ ધારવાળી જે રતાશ પડતા ભુખરા રંગના ડાઘથી ખરડાયેલી જોવા મળેલી. સદર

છરીના ફળથી પુર્વ દિશાએ ૧.૫ ફુટના અંતરે એક કાળી પ્લાસ્ટીકની સેલો ટેપ લગાવેલ પ્લાસ્ટીકનો ટુટેલ હાથો જે ભુખરા રંગના રતાશ પડતા ડાઘથી ખરડાયેલો જોવા મળેલો. સદર રુમની ઉતરની દિવાલના મધ્યભાગે ભોંયતળીયે ૩ ફુટની ઉંચાઇ સુધી લીસોટા સ્વરુપના રતાશ પડતા ભુખરા રંગના ડાઘ જોવા મળેલા. સદર રુમના ભોંયતળીયે મુખ્ય બનાવ સ્થળેથી પશ્ચિમ દિશા તરફ ૮ ફુટના અંતર સુધી છુટાછવાયા ટપકા સ્વરુપના રતાશ પડતા ભુખરા રંગના ડાઘ જોવા મળેલા. સદર રુમમાં ઘરવખરીનો સરસામાન પડેલો હતો. સદર રુમની પશ્ચિમે દરવાજા વિનાનો પ્રવેશદ્વાર ધરાવતો પેસેજ જોવા મળેલો. સદર પેસેજ ૭*૨.૫ ફુટ આશરાનો જેના ભોંયતળીયે છુટાછવાયા ટપકા સ્વરુપના રતાશ પડતા ભુખરા રંગના સુકાઇ ગયેલ ડાઘ જોવા મળેલો. સદર પેસેજની ઉત્તરે ખુલ્લુ રસોડુ, દક્ષિણ પુર્વના ખુણે બાથરુમ તેમજ દક્ષિણ પશ્ચિમના ખુણે ચોકડી આવેલી હતી. સદરહું ઉપરોક્ત બનાવ સ્થળના તમામ રતાશ પડતા ભુખરા રંગના ડાઘનું બનાવ સ્થળ ઉપર ત.ક.અધિકારીશ્રીની રુબરુ રુધિર માટેની પ્રાથમિક કસોટી કરતા રુધિર અંગેનું પરિણામ સકારાત્મક માલુમ પડેલુ હતું.ત.ક.અધિકારીશ્રીએ બતાવેલ ઉપરોક્ત બનાવ સ્થળેથી ગુનાને સંબંધિત નોંધપાત્ર ઉપયોગી નીચે મુજબના નમુના કબજે લઇ સ્પષ્ટ અને નિર્ણાયાત્મક અભિપ્રાય અર્થે એફ.એસ.એલ. મોકલવા સુચન કરેલું હતું. ૧. કન્ટ્રોલ કોટન થ્રેડ૨. મકાનની ખુલ્લી ઓશરીના ભોંયતળીયે પ્લાસ્ટર ઉપરથી છુટાછવાયા સુકાઇ ગયેલ રતાશ પડતા ભુખરા રંગના ડાઘ પરથી ઘસીને કોટન થ્રેડ૩. મુખ્ય રુમના ભોંયતળીયે રતાશ પડતા ભુખરા રંગના ડાઘ પરથી ઘસીને કોટન થ્રેડ૪. મુખ્ય રુમના પ્રવેશદ્વારના દરવાજા ઉપરના રતાશ પડતા ભુખરા રંગના ડાઘ પરથી ઘસીને કોટન થ્રેડ૫. મુખ્ય રુમના ભોંયતળીયે રતાશ પડતા ભુખરા રંગના ડાઘથી ખરડાયેલ છરીનું ટુટેલ ફળ૬. મુખ્ય રુમના ભોંયતળીયે રતાશ પડતા ભુખરા રંગના ડાઘથી ખરડાયેલ છરીનો ટુટેલ પ્લાસ્ટીકનો હાથો૭. મુખ્ય રુમના ભોંયતળીયે રતાશ પડતા ભુખરા રંગના ડાઘથી ખરડાયેલ લોખંડના હાથાવાળી છરી૮. મુખ્ય રુમના ઉતરની દિવાલ પરથી લીસોટા સ્વરુપના રતાશ પડતા ભુખરા રંગના ડાઘપરથી ઘસીને કોટન થ્રેડ૯. મુખ્ય રુમના પશ્ચિમ દિશા તરફના ભોંયતળીયેથી રતાશ પડતા ભુખરા રંગના ડાઘ પરથી ઘસીને કોટન થ્રેડ૧૦. પેસેજમાના ભોંયતળીયેથી રતાશ પડતા ભુખરા રંગના ડાઘ પરથી ઘસીને કોટન થ્રેડઆ મુજબના મારા અહેવાલમાં દર્શાવ્યા મુજબ સુચન ત.ક.અધિકારીશ્રીને કરેલા હતા. ઉપર મુજબનો મારો અહેવાલ સ્થળ પર નિરીક્ષણ તેમજ પરિક્ષણ કરી સ્વ હસ્તાંક્ષરમાં લખીને સુપરત કરેલ હતો જે

નિશાની ૧૭/૦૭ થી રજુ કરેલ સ્થળ પરીક્ષણ અહેવાલ મને બતાવવામાં આવે છે તે જોઇને કહું છું કે જેના અંતે મારા હોદાનો સિક્કો મારી સહી કરેલ છે જે સહી ઓળખી બતાવું છું તથા અહેવાલ મારા હસ્તાંક્ષરમાં લખેલ તે હસ્તાંક્ષર ઓળખી બતાવું છું. જે નિશાની ૧૭/૦૭ રજુ દાખલ આંક – ૨૧ A આપવામાં આવે છે.

આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં એવી હકીકત નીકળી આવે છે કે, હું સ્થળ ઉપર પરિક્ષણ કરવા ગયેલ તે સમયે મારી પાસે બ્લડ ડીક્ટેશન કીટ, સીમેન કીટ, નાર્કોટીક કીટ વિગેરે કીટ હતી. એ વાત ખરી છે કે ફુટપ્રિન્ટ અને ફીંગરપ્રિન્ટની કીટ સ્પોટ પર ઉપલબ્ધ ન હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ફુટપ્રિન્ટ અને ફીંગરપ્રિન્ટ પરિક્ષણ માટેના અધિકારી અળગ હોય છે. મે આ કામે ફુટપ્રિન્ટ અને ફીંગરપ્રિન્ટ પરિક્ષણના અધિકારીઓ પાસે પરીક્ષણ કરાવવા કોઇ સુચન ન હતું. હું સ્થળ ઉપર પહોચ્યો ત્યારે પોલીસની કાર્યવાહી ચાલુ હતી. એ વાત ખરી છે કે પોલીસની આ કાર્યવાહી પુરી થઇ ત્યાં સુધીમાં મારુ નામ સરનામુ પુછેલ ન હતું.

**<u>પંચ સાહેદ</u>**

(૧૬) આ કામે આંક–૨૨A થી સાહેદનં.–૨ પંચસાહેદ મોહંમદસેહજાન શબ્બીરહુસેન શેખને સોગંદઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, વેજલપુર પોલીસે તેઓને પંચમાં બોલાવેલ. પોલીસે તેઓને એક કાગળ ઉપર સહી કરવાનુ કહેતા સહી કરેલી.તે સીવાય બીજુ કાંઈ જાણતા નથી. તેઓને આંક–૨૩A નું પંચનામુ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેવી હકીકત જણાવતા તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી, પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા છતા કોઈ સમર્થનકારી હકીકત બહાર આવતી નથી.બચાવપક્ષે ઉલટતપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓએ તૈયાર પંચનામામા સહીકરેલી.

(૧૭) આ કામે આંક–૨૪A થી સાહેદનં.–૩ પંચસાહેદ હનીફ મોહમંદફારૂક શેખને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, વેજલપુર પોલીસે તેઓને પંચમાં બોલાવેલ. પોલીસે તેઓને એક લખેલ પંચનામામા સહી કરવાનુ કહેતા સહી કરેલી.તે સીવાય બીજુ કાંઈ જાણતા નથી. તેઓને આંક–૨૫A નું પં

ચનામુ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેવી હકીકત જણાવતા તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી, પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા છતા કોઈ સમર્થનકારી હકીકત બહાર આવતી નથી.

(૧૮) આ કામે આંક–૩૦A થી સાહેદનં.–૪ પંચસાહેદ ઉબેદભાઈ અમનઉલ્લાહખાન પઠાણને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, વેજલપુર પોલીસે તેઓને પંચમાં બોલાવેલ. પોલીસે તેઓને એક લખેલ કાગળમાં સહી કરવાનુ કહેતા સહી કરેલી.તે સીવાય બીજુ કાંઈ જાણતા નથી. તેઓને આંક–૩૧A નું પંચનામુ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેવી હકીકત જણાવતા તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી, પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા છતા કોઈ સમર્થનકારી હકીકત બહાર આવતી નથી.

(૧૯) આ કામે આંક–૩૨A થી સાહેદનં.–૫ પંચસાહેદ શાહરૂખખાન નઝીરખાન પઠાણને તથા સાહેનં.–૬ પંચસાહેદ મહેરુનિશા સરફરાજઆલમ અંસારીને આંક–૩૪A થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, વેજલપુર પોલીસે તેઓને પંચમાં બોલાવેલ. પોલીસે તેઓને એક તૈયાર ફોર્મમાં સહી કરવાનુ કહેતા સહી કરેલી.તે સીવાય બીજુ કાંઈ જાણતા નથી. તેઓને આંક–૩૩A નું પંચનામુ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેવી હકીકત જણાવતા તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી, પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા છતા કોઈ સમર્થનકારી હકીકત બહાર આવતી નથી.

(૨૦) આ કામે આંક–૩૫A થી સાહેદનં.–૭ પંચસાહેદ મહોમંદયુસુફ સુવાલેભાઈ શેખને તથા સાહેદનં.–૮ પંચસાહેદ આસીફ ઈબ્રાહીમભાઈ શેખને આંક–૩૭A થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, વેજલપુર પોલીસે તેઓને પંચમાં બોલાવેલ. પોલીસે તેઓને એક લખેલ કાગળ ઉપર સહી કરવાનુ કહેતા સહી કરેલી.તે સીવાય બીજુ કાંઈ જાણતા નથી. તેઓને આંક–૩૬A નું પંચનામુ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેવી હકીકત જણાવતા

તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી, પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા છતા કોઈ સમર્થનકારી હકીકત બહાર આવતી નથી.

**<u>સાહેદ</u>**

(૨૧) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે આંક-૩૯A થી સાહેદનં.-૯ સાહેદ મોહંમદ અમીન મુર્તજાભઈ શેખને સોગંદઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હું દરિયાપુર વિસ્તારમાં મારા પરિવાર સાથે રહું છું. હું લેબર કોન્ટ્રાક્ટર વેપાર ધંધો કરું છું. મારા શાદ ડુપ્લેક્ષની બાજુમાં ઓફીસ આવેલી છે. મારા ઓફીસનો સમય સવારે ૯ થી સાંજના ૫ સમય સુધીનો છે. બનાવ આશરે ૨ વર્ષ ઉપરાંત બનેલો. હું મારા નિયમ સમય મુજબ સવારે ઓફીસે આવેલ હતો ત્યારે મારા ઓફીસની સામે બે ત્રણ પોલીસની ગાડીઓ ઉભી હતી. અડધો કલાક બાદ મારા ઓફિસની બહાર બે ત્રણ પોલીસના માણસો આવેલા અને મને ઓફીસની બહાર બોલાવેલ. તેઓએ પુછેલ કે તમે અહી રહો છે કે કેમ અને રાત્રે તમે અહિ સુઓ છો અને રાત્રે ઓફીસમાં સુતો નથી. બાદમાં પોલીસ મારુ નામ સરનામુ લીધેલું અને ત્યારબાદ પોલીસ જતી રહેલી. મને પાછળથી બનાવ વિશે કાંઈ જાણવા મળેલ ન હતું. પોલીસે બનાવ બાબતે મારી કોઇ પુછપરછ કરેલ ન હતી. તેવી હકીકત જણાવતા તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી, પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા છતા કોઈ સમર્થનકારી હકીકત બહાર આવતી નથી.સદર સાહેદની જુબાનીથી આરોપીને ગુન્હા સાથે સીધી રીતે સાંકળી શકાય તેવા કોઈ પુરાવો રજુ થતા નથી.

(૨૨) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે આંક-૪૦A થી સાહેદનં.-૧૦ સાહેદ નાઝનીન મોહંમદસફી શેખને સોગંદઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા.૩/૬/૨૦૨૨ ના રોજ બનેલો. હુ તે દિવસે મારા ઘરે હાજર હતી ત્યારે રાત્રીના સવા નવ વાગ્યે મારા એક રીસ્તેદારનો મારા ઉપર ફોન આવેલો અને મને જણાવેલ કે તમારા મમ્મી તથા રેશમા અને મોહંમદશાનને સોલા સિવિલ હોસ્પી. લઈને જઈ રહયા છે તમે ત્યા પહોચો. જેથી હુ અને મારા પતિ મોહંમદસફી બન્ને જણા સોલા સિવિલ હોસ્પી. ગયેલા. ત્યા અમારા બીજા સગા સં

બંધીઓ મારી બહેન લોકો હાજર હતા. સોલા સિવિલ હોસ્પી. મા મારા મમ્મી રેશમા અને મોહંમદશાન ત્રણેયની ડોકટર સારવાર કરી રહેલા તેથી અમે બહાર ઉભા હતા. ત્યારબાદ થોડી વાર પછી પોલીસ વાળા આવેલા અને જે લોકો હાજર હતા તે બધાના નામ સરનામા પુછેલા. મારો મોબાઈલ નંબર પુછેલો. ત્યારબાદ રાત્રીના સાડા બાર વાગ્યે ફરીથી પોલીસ હોસ્પી. આવેલ અને પોલીસે મને તમારુ નામ નાઝનીન છે તેવુ પુછેલ અને પોલીસે એક તૈયાર ટાઈપ કરેલ કાગળમા મારી સહી લીધેલી. મે સહી કરી આપેલી. ત્યારબાદ હું ઘરે જતી રહેલ. મને નિશાની–૧૭/૧ થી રજુ થયેલ ફરીયાદ બતાવવામા આવે છે તેમા મારી સહી છે તે હુ ઓળખી બતાવુ છુ રજુ દા.આંક– ૪૧A આપવામા આવે છે.એવુ બનેલ નહિ કે બનાવ બન્યો તે અગાઉ અમારા પરીવાર ના સભ્યો વચ્ચે કોઈ ઝઘડો થયેલ હતો. મારી મમ્મી, બહેન રેશમા તથા મોહંમદશાનને કેવી રીતે ઈજાઓ થયેલી તેવુ મને જાણવા મળેલ નહિ. એવુ પણ બનેલ નહિ કે મારી મમ્મી, બહેન રેશમા તથા મોહંમદશાનને કઈ વ્યકિતએ ઈજાઓ કરેલ તેવુ મને જાણવા મળેલ હોય અને મારી પોલીસ રૂબરૂની ફરીયાદમા કોઈ વ્યકિતનુ નામ લખાવેલ હોય. એવુ બનેલ નહિ કે હુ સોલા સિવિલ હોસ્પીટલ ન જઈ કોઈ બીજી જગ્યાએ ગયેલ હોવુ. તેવી હકીકત જણાવતા તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી, પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા છતા કોઈ સમર્થનકારી હકીકત બહાર આવતી નથી. તેમજ બચાવપક્ષે ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,એ વાત ખરી છે કે, પોલીસે મને ફરીયાદ વંચાવેલી નથી.સદર સાહેદની જુબાનીથી આરોપીને ગુન્હા સાથે સીધી રીતે સાંકળી શકાય તેવા કોઈ પુરાવો રજુ થતા નથી.

**<u>પોલીસ સાહેદ:–</u>**

(૨૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે આંક–૩૪ થી સાહેદનં.–૧૩ સાહેદ શૈલેષભાઈ મણીલાલ પરીખને સોગંદઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,તા.૩/૬/૨૦૨૨ ના રોજ હુ પીએસઓ હે.કો.

તરીકે વેજલપુર પો.સ્ટે.મા ફરજ ઉપર હતો ત્યારે તા.૪/૬/૨૦૨૨ ના કલાક ૦૦.૧૦ વાગે સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૩ ઈન્ચાર્જ પો.ઈ.એમશ્રી ચૌધરી સાહેબનાઓ તરફથી આઈપીસી કલમ–૩૦૨,૧૧૪,૧૩૫ વિગેરે બાબતનો ગુનો લખાઈ આવતા જે બાબતે સ્ટે.ડાયરીમા નોંધ કરી ગુનો દાખલ કરેલ. આ સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી. આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં એવી હકીકત નીકળી આવે છે કે, એ વાત ખરી છે કે સરતપાસમા જણાવેલ હકીકત સિવાયની બીજ કોઈ કામગીરી કરેલ નથી.

(૨૪) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે આંક–૩૫ થી સાહેદનં.–૧૪ સાહેદ વિનુભાઈ હરીભાઈ દેસાઈને સોગંદઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,હુ છેલ્લા દોઢેક વર્ષથી વિશેષ શાખા પોલીસ કમિશનરની કચેરીએ ફરજ બજાવુ છુ. અમારી ઓફીસેથી જાહેરનામા પ્રસિધ્ધ થાય છે તે તમામ જાહેરનામામા પોલીસ કમિશનરશ્રીનાઓની સહીથી પ્રસિધ્ધ થાય છે જે જાહેરનામા પોલીસ કમિશનર વિસ્તારના પોલીસ સ્ટેશનનો તેમજ લાગતાવળગતા અધિકારીશ્રીઓને મોકલી આપવામા આવે છે.જે જાહેરનામાઓ સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડવામા આવે છે તેમજ વર્તમાન પત્રો,સોશીયલ મીડીયા વિગેરેમા પ્રસિધ્ધ કરવા માટે મોકલી આપવામા આવે છે.આ ગુનાના કામે જાહેરનામા ક્ર માંક.નં.વીશા/એસેકશન/પરમીટ/હથીયારબંધીજાહેરનામુ/૫૩/૨૦૨૨ જે તા. ૨૬/૫/૨૦૨૨ ના રોજ પોલીસ કમિશનરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબનાઓની સહીથી પ્ર સિધ્ધ થયેલ. જે જાહેરનામુ તા.૨૮/૫/૨૦૨૨ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૧/૬/૨૦૨૨ ના કલાક ૨૪:૦૦ સુધી અમલમા હતુ. હુ આજરોજ નામ.કોર્ટમા આ જાહેરનામાની ખરી નકલ લાવેલ છુ તેમા વિ શાખા અમદાવાદ શેહર એ સેકશનના પો.ઈ.એન.એન.નિનામાનાઓની સહી છે જે ઓળખી બતાવુ છુ જે જાહેરનામુ રજુ કરુ છુ જે જાહેરનામુ રજુ દા.આંક–૩૬ આપવામા આવે છે.

આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં એવી હકીકત નીકળી આવે છે કે,એ વાત ખરી છે કે જાહેરનામુ કેવી રીતે પ્રસિધ્ધ

કરવુ તે મને ખબર છે. મે જાતે પ્રસધ્ધિ કરેલ નથી પરંતુ પ્રસિધ્ધી કરવા મોકલી આપેલ. એ વાત ખરી છે કે આ જાહેરનામુ દુરદર્શન અને આકાશવાણી ઉપર કયારે કેટલા વાગે પ્ર સ્ધ્ધિ કરવામા આવેલુ તેની મને કોઈ જાત માહતી નથી.

(૨૫) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે આંક–૪૧ થી સાહેદનં.–૧૫ સાહેદ મહેશકુમાર ચેલાભાઈ ચૌધરીને સોગંદઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,તા.૩/૬/૨૦૨૨ ના રોજ અમો વેજલપુર પો.સ્ટે.મા ચાર્જમા હતા તે દરમયાન અમોને પીઅસઓ તરફથી સ્ટે.ડાયરી એન્ટ્રી નં.૩૪/૨૦૨૨ થી પીએસઆઈ શ્રી ડી સી પરમારનાઓએ એન્ટ્રી કરાવેલ જે એન્ટ્રી એક ઈસમ ઈર્શાદમોહંમદ ઈકબાલ શેખનાઓને ગળાના ભાગે તીક્ષ્ણ હથીયાર મારી ઈજા કરી મોત નીપજાવેલ છે જેથી અમો બનાવવાળી જગ્યા બીસમીલા બેકરીની બાજુમા મકાન નં.૯ અલસાદ રેસીડેન્સી પાસે પહોચી જોતા એક ઈસમનુ અર્ધગળુ કાપેલ હાલતમા લોહીલુહાણ હાલતમા લાશ પડેલ હતી જેથી અમોએ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને આ બાબતે  ઈન્કવેસ્ટ ભરવા માટેની યાદી કરેલી. જેથી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ મંજુરી આપતા અમોને બે પંચોની હાજરીમા ઈન્કવેસ્ટ પંચનામુ પંચોના જોય અને લખાવ્યા મુજબ સ્થળ ઉપર લખી લીધેલ તેમા પંચોએ મારી રૂબરૂ પં ચનામામા સહીઓ કરી આપી અને રૂબરૂમા મારી સહી છે. બાદ મરણજનારના બહેન નાઝનીન વા/ઓફ મહંમદશફી શેખનાઓ અમારી રૂબરૂ ફરીયાદ હકીકત લખાવતા અમોએ ફરીયાદ લખી લીધેલી જે ફરીયાદમા મારી રૂબરૂ નાઝનીન શેખે સહી કરેલી રૂબરૂમા મે મારી સહી કરેલ. ત્યારબાદ ફરીયાદના આધારે ગુનો રજીસ્ટર કરવા સારુ વેજલપુર પો.સ્ટે.ના ચાર્જ અમલદારશ્રીને રીપોર્ટ કરેલ જે રીપોર્ટના આધારે ચાર્જ અમલદારશ્રીએ સ્ટે.ડાયરીમા વેજલપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૮૧૬/૨૦૨૨ ઈપીકો કલમ–૩૦૨,૧૧૪ તથા જી પી એકટ કલમ–૧૩૫ અન્વયે આરોપીઓ સામે ગુનો દાખલ કરેલ અને આગળની વધુ તપાસ અમારી તરફ આવતા અમોએ સંભાળી લીધેલ. બાદ આ કામે બે પંચોની હાજરીમા ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવામા આવેલુ અને સ્થળ ઉપર નીરીક્ષણ તેમજ પરીક્ષણ કરવા સારુ એફએસએલ અધિકારીને યાદી

આપી બોલાવામા આવેલ અને એફએસએલ અધિકારીએ સ્થળ ઉપર આવી નીરીક્ષણ તેમજ પરીક્ષણ કરી પોતાનો સ્થળ પરીક્ષણ અહેવાલ આપતા તે આ કામે સામેલ રાખવામા આવેલ. બાદ આ કામે આજુબાજુના સાહેદોના નીવેદનો મેળવામા આવેલ. મરણજનારના કપડા પંચનામાની રૂએ કબજે કરવામા આવેલ તેમજ મૃતકના પીએમ સમયે ડો.શ્રીએ લીધેલ વીશેરા તથા બ્લડ સેમ્પલની સીલબંધ બોટલ અને બં ને હાથના નખ અલગ અલગ સીલબંધ કવરમા તે ડો.શ્રીએ આપેલ હતા તે નમુનાઓ અહેકો હરપાલસીંહ રણજીતસીંહનાઓએ અમારી સમક્ષ રજુ કરતા બે પંચોની હાજરીમા પંચનામાની વિગતે તે સીલબંધ સેમ્પલો કબજે કરવામા આવેલ. આ કામે બનાવ સમયે પહેરેલ આરોપીઓના કપડા આરોપીઓએ રજુ કરતા બે પંચોની હાજરીમા પંચનામાની વિગતે તે કપડા કબજે લેવામા આવેલ. આ કામે અમોએ ત્રણે આરોપીઓને તા.૪/૬/૨૦૨૨ ના રોજ ગુનાના કામે અટક કરેલ. આરોપીઓના નિવેદનો મેળવેલા. આરોપીઓનુ મેડીકલ કરાવેલ. બાદ તા.૫/૬/૨૦૨૨ ના રોજ પો.ઈ.શ્રી પલ્લાચાર્ય હાજર થતા આગળની વધુ તપાસ તેઓને સોપેલ. મને નિશાની –૧૭/૨ થી રજુ થયેલ ગુનો રજીસ્ટર કરવા સારુ વેજલપુર પો.સ્ટે.ના ચાર્જ અમલદારશ્રીને મે કરેલ રીપોર્ટ બતાવામા આવે છે તેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દા.આંક–૪૨ આપવામા આવે છે.મને નિશાની –૧૭/૩ થી રજુ થયેલ મરણ જનારની લાશનુ ઈન્કવેસ્ટ ભરવાની મંજુરી આપવા બાબતે એકઝીકુટીવ મેજીસ્ટ્રેટશ્રી મેટ્રો એરીયા કોર્ટ નં.૧નાઓને કરેલ રીપોર્ટ બતાવામા આવે છે જે રીપોર્ટમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ તેમજ તે રીપોર્ટમા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ ઈન્કવેસ્ટ ભરવાની મંજુરી આપી તેઓની સહી કરેલ છે જે રીપોર્ટ રજુ દા.આંક–૪૩ આપવામા આવે છે. મને નિશાની –૧૭/૮ થી રજુ થયેલ સ્થળ ઉપર ચાન્સપ્રીન્ટ લઈ અભિપ્રાય આણવા ફીંગરપ્રીન્ટ અધિકારી એફએસએલ કચેરી મેઘાણીનગરને મે કરેલ રીપોર્ટ બતાવામા આવે છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રીપોર્ટ રજુ દા.આંક–૪૪ આપવામા આવે છે. મને નિશાની –૧૭/૯ થી રજુ થયેલ ફીંગરપ્રીન્ટ એકક્ષપર્ટનાઓએ બે છરી ઉપર ચાન્સપ્રીન્ટ મેળવવા કરેલ કાર્યવાહી અને તે અં

ગેનો સ્થળ પરીક્ષણ અહેવાલ અમોને સોપેલો જે અસલ અહેવાલ અમોએ કામમા સામેલ રાખેલો તે તે જ અહેવાલ છે જે રજુ દા.આંક–૪૫ આપવામા આવે છે. મને નિશાની –૧ ૭/૧૨ થી રજુ થયેલ આરોપીઓના બ્લડ સેમ્પલ મેળવવા સારુ તેમજ સારવાર કરાવા સારુ વી એસ હોસ્પીટલના મેડીકલ ઓફીસરશ્રીને મે કરેલ રીપોર્ટ બતાવામા આવે છે તેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દા.આંક–૪૬ આપવામા આવે છે.મે આ ગુનાની તપાસ દરમ્યાન સાહેદ મોહંમદઅમીન મુર્તુજાભાઈ શેખનાઓનુ નિવેદન લીધેલુ જેમા મારી રૂબરૂમા તેઓએ એવી હકીકત લખાવેલ છે કે '' ગઈ તા. ૦૩/૦૬/૨૦૨૨ રાત્રિના આઠેક વાગ્યા પછી અમારી ઓફીસની બાજુમાં અલશાદ રેસીડેન્સીમાં રહેતા ઈર્શાદના ઘરે તેની માતા ખાતુનબીબી તથા બહેન રેશમા અને તેનો ભાઇ મોહંમદ શાન તેના ઘરે આવેલ અને અગાઉ થયેલ ઝઘડા બાબતે ત્રણેય વાતચીત કરવા આવેલ હતા તે દરમ્યાન આ ઈર્શાદ એકદમ ઉશ્કારાઇ ગયેલ અને તેને મોહંમદ શાન ઉપર તથા તેની બહેન રેશમા તથા માતા ખાતુનબીબી ઉપર છરી વડે હુમલો કરેલ જેમાં ત્રણને ઈજા થઇ  અને ત્રણેય જણાઓએ ઈર્શાદને પકડી લીધેલ અને તેની પાસેની છરીઓ છીનવી લઇ રેશમા અને ખાતુનબીબીએ ઈર્શાદને પકડી રાખી મોહંમદ શાને ઈર્શાદના ગળાના ભાગે ઘા મારેલા હોવાની મને જાણવા મળેલ હતું અને જેમાં આ ઈર્શાદનું મોત થયેલ અને આ બનાવ બાબતે તેની બહેન નાજનીને તેના ભાઈ મોહંમદ શાન માતા ખાતુનબીબી તથા બહેન રેશમા વેજલપુર પો.સ્ટે.ખાતે ફરિયાદ આપેલ છે.'' હુ આ કામના  આરોપીઓને જોયે ઓળખુ છુ  જેમા  આરોપી ખાતુનબીબી અને રેશમાબાનુ  આજરોજ કોર્ટમા હાજર છે. આરોપી નં.૧ મોહંમદ ઈકબાલ શેખનાઓને સાબરમતીજેલના વીડીયોકોન્ફરન્સથી જુબાની દરમયાન કોર્ટ સમક્ષ રજુ રાખેલ ન હોય આરોપીના વિ.વ.શ્રી તરફે ઓળખની તકરાર નથી તે આંક–૪૧A થી હાજરીમાથી મુકિતના રીપોર્ટમા જાહેર કરે છે.  મને કબજે કરેલ મુદામાલ બતાવામા આવે છે જે મે કબજે કરેલ છે તે જ છે જે ઓળખી બતાવુ છુ. જે મુદામાલ મરણજનારના કપડા તથા પીએમ દરમયાન લીધેલ વિશેરા બ્લડ સેમ્પલ જે બંને અલગ સીલબંધ બોટલમા હતા અને બંને હાથના નખ સીલબંધ કવરમા હતા. ફરીયાદીના કપડા અને આરોપીના બનાવ વખતે પેહેરેલ કપડા જે તમામ મુદામાલ અમોએ બે પંચોની

રૂબરૂમા કબજે કરેલ અને તેનુ વિગતવારનુ પંચનામુ કરેલ. મને મુદામાલ આર્ટીકલ નં.૧ બતાવામા આવે છે તે સીલબંધ કવર હોય, કોર્ટ રૂબરૂ સીલ ખોલી જોતા કવરમાથી કંટ્રોલ કોટન થેડ છે તે સ્થળ ઉપરથી પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તે કવરમાથી એક પંચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક– ૪૭ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં.૨ બતાવામા આવે છે તે સીલબંધ કવર હોય, કોર્ટ રૂબરૂ સીલ ખોલી જોતા કવરમાથી ગુનાવાળી જગ્યાએથી ઓસરીના ભાગેથી રતાશ પડતા ડાઘા ઉપરથી ઘસીને લીધેલ કોટન થેડ છે તે સ્થળ ઉપરથી પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તે કવરમાથી એક પંચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક– ૪૮ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં.૩ બતાવામા આવે છે તે સીલબંધ કવર હોય, કોર્ટ રૂબરૂ સીલ ખોલી જોતા કવરમાથી ગુનાવાળી જગ્યાએથી મુખ્ય રૂમના દરવાજા ઉપરથી રતાશ પડતા ડાઘા ઉપરથી ઘસીને લીધેલ કોટન થેડ છે તે સ્થળ ઉપરથી પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તે કવરમાથી એક પંચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક– ૪૯ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં.૪ બતાવામા આવે છે તે સીલબંધ કવર હોય, કોર્ટ રૂબરૂ સીલ ખોલી જોતા કવરમાથી ગુનાવાળી જગ્યાએથી મુખ્ય રૂમના ભોયતળીયેથી ચપ્પાનો તુટેલ પ્લાસ્ટીકનો હાથો છે તે સ્થળ ઉપરથી પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તે કવરમાથી એક પંચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક– ૫૦ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં.૫ બતાવામા આવે છે તે કાગળનુ સીલબંધ પડીકુ હોય, કોર્ટ રૂબરૂ સીલ ખોલી જોતા પડીકામાથી ગુનાવાળી જગ્યાએથી લોહીના ઘબ્બાવાળુ ચપ્પાનુ તુટેલ ફળ

છે તે સ્થળ ઉપરથી પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તે કવરમાથી એક પંચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક– ૫૧ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં.૬ બતાવામા આવે છે તે એક કાગળનુ સીલબંધ પડીકુ હોય કોર્ટ  રૂબરૂ સીલ ખોલી જોતા તેમાથી ગુનાવાળી જગ્યાએથી લોહીના ધબ્બા પડેલ લોખંડના હાથાવાળી છરી છે તે સ્થળ ઉપરથી પં ચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તે કવરમાથી એક પંચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક– ૫ર આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં.૭ બતાવામા આવે છે તે એક કાગળનુ સીલબંધ કવર હોય કોર્ટ  રૂબરૂ સીલ ખોલી જોતા તેમાથી ગુનાવાળી જગ્યાએથી મુખ્ય રૂમના ભોયતળીયેથી  લોહીના ધબ્બા ઉપરથી ઘસીને લીધેલ કોટન થ્રેડ છે તે સ્થળ ઉપરથી પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તે કવરમાથી એક પંચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક– ૫૩ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં.૮ બતાવામા આવે છે તે એક કાગળનુ સીલબંધ કવર હોય કોર્ટ  રૂબરૂ સીલ ખોલી જોતા તેમાથી ગુનાવાળી જગ્યાએથી મુખ્ય રૂમની ઉતરની દિવાલે રતાશ પડતા ડાઘા ઉપરથી ઘસીને લીધેલ કોટન થ્રેડ છે તે સ્થળ ઉપરથી પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તે કવરમાથી એક પં ચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક– ૫૪ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં.૯ બતાવામા આવે છે તે એક કાગળનુ સીલબંધ કવર હોય કોર્ટ  રૂબરૂ સીલ ખોલી જોતા તેમાથી ગુનાવાળી જગ્યાના મુખ્ય રૂમથી પેસેજ તરફ પશ્ચિમ દિશા બાજુના  ભોયતળીયેથી  લોહીના ધબ્બા ઉપરથી ઘસીને લીધેલ કોટન થ્રેડ છે તે સ્થળ ઉપરથી પંચનામ દરમયાન પંચોની રૂબરૂ

કબજે કરેલ તે જ છે તે કવરમાથી એક પંચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક– ૫૫ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં.૧૦ બતાવામા આવે છે તે એક કાગળનુ સીલબંધ કવર હોય કોર્ટ રૂબરૂ સીલ ખોલી જોતા તેમાથી ગુનાવાળી જગ્યાના રસોડાના ભોયતળીયેથી રતાશ પડતા ડાઘા ઉપરથી ઘસીને લીધેલ કોટન થ્રેડ છે તે સ્થળ ઉપરથી પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તે કવરમાથી એક પંચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક– ૫૬ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં.૧૧ બતાવામા આવે છે તે એક સીલબંધ પારદર્શક કાચની બોટલ છે જેમા મરણજનારની લાશનુ પીએમ કરતી વખતે ડો.શ્રીએ મેળવી આપેલ સ્ટમક વિગરે વીશેરા છે જે પારદર્શક હોઈ જોઈ શકાય છે. મને મુદામાલ આર્ટીકલ નં.૧૨ બતાવામા આવે છે તે એક સીલબંધ પારદર્શક કાચની બોટલ છે જેમા મરણજનારની લાશનુ પીએમ કરતી વખતે ડો.શ્રીએ મેળવી આપેલ લીવર અને કીડનીના વીશેરા છે જે પારદર્શક હોઈ જોઈ શકાય છે. મને મુદામાલ આર્ટીકલ નં.૧૩ બતાવામા આવે છે તે એક સીલબંધ પારદર્શક કાચની બોટલ છે જેમા મરણજનારની લાશનુ પીએમ કરતી વખતે ડો.શ્રીએ મેળવી આપેલ મરણજનારનુ બ્લડ સેમ્પલ છે જે પારદર્શક હોઈ જોઈ શકાય છે. મને મુદામાલ આર્ટીકલ નં.૧૪ બતાવામા આવે છે તે એક સીલબંધ પારદર્શક કાચની બોટલ છે જેમા મરણજનારની લાશનુ પીએમ કરતી વખતે ડો.શ્રીએ મેળવી આપેલ મરણજનારનુ બ્લડ સેમ્પલ છે જે પારદર્શક હોઈ જોઈ શકાય છે. મને મુદામાલ આર્ટીકલ નં.૧૫ બતાવામા આવે છે તે એક સીલબંધ પુઠાનુ બોક્ષ છે જેમા મરણજનારની લાશનુ પીએમ કરતી વખતે ડો.શ્રીએ મેળવી આપેલ મરણજનાર ના લોહીના ડાઘાવાળા કપડા જેમા જીન્સનુ પેન્ટ, ડીઝાઈનવાળુ બ્લેક શર્ટ, કપડાનો પટ્ટો છે. મને મુદામાલ આર્ટીકલ નં.૧૬ બતાવામા આવે છે તે એક સીલબંધ કાગળનુ કવર છે જે સીલ કોર્ટ રૂબરૂ ખોલી જોતા તેમાથી પીએમ દરમ્યાન મરણજનારની લાશના ડાબા હાથના નખના

નમુના ડો.શ્રીએ મેળવી આપેલ તે છે. મને મુદામાલ આર્ટીકલ નં.૧૭ બતાવામા આવે છે તે એક સીલબંધ કાગળનુ કવર છે જે સીલ કોર્ટ રૂબરૂ ખોલી જોતા તેમાથી પીએમ દરમ્યાન મરણજનારની લાશના જમણા હાથના નખના નમુના ડો.શ્રીએ મેળવી આપેલ તે છે. મને મુદામાલ આર્ટીકલ નં.૧૮ બતાવામા આવે છે તે એક સીલબંધ કાગળનુ પડીકુ છે જે સીલ કોર્ટ રૂબરૂ ખોલી જોતા તેમાથી આરોપી મોહંમદ શાનનાઓએ ગુનો આચરતી વખતે પહેરેલ શર્ટ છે જેના ઉપર લોહીના ડાઘા જણાય છે તે પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તેમાથી એક પંચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પં ચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક–૫૭ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં. ૧૯ બતાવામા આવે છે તે એક સીલબંધ કાગળનુ પડીકુ છે જે સીલ કોર્ટ રૂબરૂ ખોલી જોતા તેમાથી આરોપી મોહંમદ શાનનાઓએ ગુનો આચરતી વખતે પહેરેલ જીન્સ છે જેના ઉપર લોહીના ડાઘા જણાય છે તે પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તેમાથી એક પંચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક–૫૮ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં. ૨૦ બતાવામા આવે છે તે એક સીલબંધ કાગળનુ પડીકુ છે જે સીલ કોર્ટ રૂબરૂ ખોલી જોતા તેમાથી આરોપી ખાતુનબીબીનાઓએ ગુનો આચરતી વખતે પહેરેલ ટોપ છે જેના ઉપર લોહીના ડાઘા જણાય છે તે પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તેમાથી એક પં ચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક–૫૯ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં. ૨૧ બતાવામા આવે છે તે એક સીલબંધ કાગળનુ પડીકુ છે જે સીલ કોર્ટ રૂબરૂ ખોલી જોતા તેમાથી આરોપી ખાતુનબીબીનાઓએ ગુનો આચરતી વખતે પહેરેલ પાયજામો છે જેના ઉપર લોહીના ડાઘા જણાય છે તે પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તેમાથી એક પં ચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી

અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક–૬૦ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં. ૨૨ બતાવામા આવે છે તે એક સીલબંધ કાગળનુ પડીકુ છે જે સીલ કોર્ટ રૂબરૂ ખોલી જોતા તેમાથી આરોપી ખાતુનબીબીનાઓએ ગુનો આચરતી વખતે પહેરેલ દુપટ્ટો છે જેના ઉપર લોહીના ડાઘા જણાય છે તે પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તેમાથી એક પંચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક–૬૧ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં. ૨૩ બતાવામા આવે છે તે એક સીલબંધ કાગળનુ પડીકુ છે જે સીલ કોર્ટ રૂબરૂ ખોલી જોતા તેમાથી આરોપી રેશમાબાનુનાઓએ ગુનો આચરતી વખતે પહેરેલ ટોપ છે જેના ઉપર લોહીના ડાઘા જણાય છે તે પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તેમાથી એક પંચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક–૬૨ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં. ૨૪ બતાવામા આવે છે તે એક સીલબંધ કાગળનુ પડીકુ છે જે સીલ કોર્ટ રૂબરૂ ખોલી જોતા તેમાથી આરોપી રેશમાબાનુનાઓએ ગુનો આચરતી વખતે પહેરેલ પાયજામો છે જેના ઉપર લોહીના ડાઘા જણાય છે તે પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તેમાથી એક પંચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક–૬૩ આપવામા આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં. ૨૫ બતાવામા આવે છે તે એક સીલબંધ કાગળનુ પડીકુ છે જે સીલ કોર્ટ રૂબરૂ ખોલી જોતા તેમાથી આરોપી રેશમાબાનુનાઓએ ગુનો આચરતી વખતે પહેરેલ દુપટ્ટો છે જેના ઉપર લોહીના ડાઘા જણાય છે તે પંચનામ દરમયાન પંચોની રૂબરૂ કબજે કરેલ તે જ છે તેમાથી એક પંચસ્લીપ નીકળેલ છે જેમા બે પંચોએ પંચનામા દરમયાન મારી રૂબરૂ સહી કરેલી

અને રૂબરૂ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છુ જે પંચસ્લીપ રજુ દા.આંક−૬૪ આપવામા આવે છે.

આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં એવી હકીકત નીકળી આવે છે કે,બનાવ બન્યો તે વખતે હુ ચાર્જમા ફરજ બજાવતો હતો. એ વાત ખરી છે કે અમા છતા હુ વેજલપુર પો.સ્ટે.ના ભૌગોલીક પરીસ્થિતીથી જાણકાર હતો. એ વાત ખરી છે કોઈ પણ કોગ્નીઝેબલ ગુનાની તપાસ કરીએ તેની કેસ ડાયરી બનાવી પડે અને તેમા કઈ કામગીરી કરી તેની સંપુર્ણ વિગત તેમા સ્પષ્ટપણે દર્શાવી પડે. એ વાત ખરી છે કે મારી પાસે જયા સુધી તપાસ હતી ત્યા સુધી મે બનાવની આસપાસ કે બનાવની જગ્યાએ આરોપીઓ હાજર હોય અવરજવાર રસ્તામા કરતા હોય તેવા કોઈ સીસીટીવી ફુટેજ કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન આરોપીઓ પાસેથી કોઈ હથીયારો કબજે કરેલ નથી.

(૨૬) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે આંક−૬૭ થી સાહેદનં.−૧૬ સાહેદ કીરીટકુમાર ભીખાભાઈ રાજવીરને સોગંદઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હુ સને ૨૦૨૨ ના અરસામા વેજલપુર પો.સ્ટે.મા પો.ઈ.તરીકે મારી ફરજ બજાવતો હતો.વેજલપુર પો.સ્ટે. પાર્ટ−એ ગુના રજી.નં .૮૧૬/૨૦૨૨, ઈપીકો કલમ −૩૦૨,૧૧૪ અને જી.પી.એકટની કલમ−૧૩૫(૧) મુજબના ગુનાની તપાસ અમોને પીઆઈ એચ.જી.પલ્લાચરીયા નાઓ પાસેથી મળતા અમોએ સંભાળી લીધેલી. આ કામે તમામ કેસ પેપરોનો અભયાસ કરેલો અને આરોપીઓ સામે પુરતો પુરાવો હોઈ નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ. આજરોજ આરોપી નં.૨ અને ૩ ખાતુનબીબી અને રેશમાબાનુ નામ.કોર્ટમા હાજર છે. આરોપી નં.૧ આજરોજ સાબરમતી જેલના વીડીયોકોન્ફરન્સ રૂમથી હાજર છે તેને જોયે ઓળખુ છુ. મને આં ક−૩૬ વાળુ પંચનામુ બતાવામા આવે છે જે આ કામના ત્રણેય આરોપીઓના યુવરાજસીંહ મનહરસીંહ બ.નં.૭૦૯૧ નાઓ વી.એસ.હોસ્પીટલ માથી સીલબંધ હાલતમા લોહીના નમુના ડો.શ્રી પાસેથી લઈ આવેલા જે નમુનાઓ એચ.જી. પલ્લાચરીયાનાઓએ કબજે લીધેલા.જેમની સહી હુ ઓળખી બતાવુ છુ. મને નિશાની

–૧૭/૨૦ થી રજુ થયેલ મુદામાલ રવાનગી નોંધની સ્થળપ્રત બતાવામા આવે છે જેમા એચ.જી.પલ્લારીયા નાઓની સહી છે અને એન ડીવીઝનના મદદનીશ પોલીસ કમીશનર એસ.ડી.પટેલનાઓની સતા અંગેનુ પ્રમાણપત્ર આપ્યા અંગેની સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દા.આંક–૬૮ આપવામા આવે છે. મને નિશાની –૧૭/૨૧ તથા નિશાની –૧૭/૨૨ થી રજુ થયેલ એફએસએલને મુદામાલ મળેલ તે બાબતની અસલ પહોચો બતાવામા આવે છે જે આ કામને લગત છે જે અનુક્રમે રજુ દા.આંક–૬૯ અને ૭૦ આપવામા આવે છે. મને નિશાની –૧૭/૨૩ થી રજુ થયેલ એફએસએલનો ફોરવર્ડીંગ લ ેટર તથા નિશાની –૧૭/૨૪ થી રજુ થયેલ એફએસએલના ટોકસીલોજી રીપોર્ટ બતાવામા આવે છે જે આ કામને લગત છે જે અનુક્રમે રજુ દા.આંક–૭૧ અને ૭૨ આપવામા આવે છે. મને નિશાની –૧૭/૨૫ થી રજુ થયેલ એફએસએલનો ફોરવર્ડીંગ લ ેટર તથા નિશાની –૧૭/૨૬ થી રજુ થયેલ એફએસએલના બાયોલોજી તથા શીરોલોજી પૃથ્થકરણ અહેવાલ બતાવામા આવે છે જે આ કામને લગત છે જે અનુક્રમે રજુ દા.આં ક–૭૩ અને ૭૪ આપવામા આવે છે.

આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં એવી હકીકત નીકળી આવે છે કે,એ વાત ખરી છે કે મને તપાસ મળી તે પહેલા બે તપાસનીશ અધિકારીએ આ કેસની તપાસ કરેલી. એ વાત ખરીછે કે આજે મારી પાસ ે આગળની તપાસ કાગળો હતા તેના આધારે જુબાની આપી છે. એ વાત ખરી છે કે મને તપાસ મળી ત્યારબાદ કોઈ સાક્ષીઓના વધારાના નિવેદન મે લીધા નથી કે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન મે લીધા નથી. એ વાત ખરીછે કે મને તપાસ મળી ત્યારે આરોપીઓની અટક થઈ ગયેલ હતી અને તેઓ જયુડીશીયલ કસ્ટડીમા હતા. એ વાત ખરી છે કે આરોપીઓને મળવાનો મારે કોઈ અવસર બનેલો નહી.

**<u>સમગ્ર પુરાવાની ચર્ચા અને વિશ્લેષણનો સારાંશ:</u>**–

(૨૭) આરોપી વિરુધ્ધ કેસ પુરવાર કરવા ફરીયાદપક્ષે આંક–૨૮ થી સાહેદ ડો.દિવ્યેશ એમ. વાઘેલાને તપાસેલ છે તેઓનો પુરાવો જોઈએ તો, તેઓએ મરણજનારનું પી.એમ.

કરેલ છે જેની વિગત પી.એમ.નોટમાં લખી રજુ કરેલ છે. સદરહુ સાહેદ આંક–૨૯ થી પી.અમે. નોટ રજુકરેલ છે તેની સાથે ફાઈનલ ઓપીનીચન રજુ કરેલ છે જેમુજબ મરણજનારનુ ર્મત્યુ ગળુ કપાવવાનીઈજાના કારણે થયેલ હોવાનુ પુરવાર થાયલ છે જેથી મુદાનં.–૧ નો નિર્ણય હકારમા આપવામા આવેલ છે. હવે તેમનુ ખુન કોના ધ્વારા અને કયા કારણોસર કરવામા આવેલ છે તે અંગે પુરાવો જોવામા આવે તો આ કામે ફરીયાદ પક્ષ તરફથી કેસના સમર્થનમા ૨૪ સાહેદો તપાસેલા છે. પરંતુ હાલના કેસની ચર્ચા કરતાં પહેલાં ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ખાસ કરીને નામદાર જુદી–જુદી વડી અદાલતો અને નામદાર સુપ્રિમ કોર્ટના જુદા–જુદા ચુકાદા અન્વયે ફરીયાદ પક્ષનો કેસ સંપુર્ણપણે એટલે કે, નિઃશંકપણે અને સચોટ પણે પુરવાર કરવો જોઈએ. નામદાર સુપ્રિમ કોર્ટના તાજેતરના જુદા–જુદા ચુકાદાઓ મુજબ અદાલતે ઘઉંમાંથી કાકરા નહી પરંતુ કાકરામાંથી ઘઉં શોધવાના હોય છે એટલે કે નામદાર સુપ્રિમ કોર્ટના ધ્યાન ઉપર આવેલ છે કે, ફરીયાદ પક્ષના કેસમાં કયારેક નબળાઈ, ખોટ અથવા તો અધૂરાપણુ જણાતું હોય છે, પરંતુ તેને કારણે અથવા તો ફરીયાદ પક્ષના તપાસ કરનાર અમલદારની બેદરકારીના કારણે ફરીયાદ પક્ષનો કેસ સં પુર્ણપણે ફેંકી દઈ શકાય નહી કારણ કે સત્ય એ સત્ય જ રહે છે એટલું જ નહી પરંતુ ફરીયાદ પક્ષના કેસની તપાસ કરનાર અમલદાર ખોટી રીતે તહોમતદારને કોઈ પણ ગુનામાં સંડોવી દીધેલ હોય તો સ્વાભાવિક રીતે અદાલતે સંપુર્ણ રીતે જાગૃત રહીને નિર્દોષ વ્યકિતને સજા ન થઈ જાય અને તે–જ રીતે તહોમતદાર સજામાંથી કે ગુનામાંથી છટકી ન જાય તે પણ બાબત નમ્રતા પણે ફોજદારી અદાલતે જોવાની હોય છે. તેવીજ રીતે ફરીયાદ પક્ષના કેસમાં ઘણાં બધા સાક્ષીઓને તપાસ્યા છે કે કેમ? એટલે કે ફરીયાદ પક્ષના શાક્ષીઓનો જથ્થો (કોન્ટીટી) જોવાનો હોતો નથી, પરંતુ ફરીયાદ પક્ષના જે–જે સાક્ષીઓની જુબાની થઈ હોય તેની લાયકાત (કવોલીટી) જોવાની હોય છે એટલે કે પુરાવાનું મુલ્યાંકન એ રીતે કરવાનું હોય છે કે જેથી કરીને સત્ય હકીકત બહાર આવે અને ''વીકટીમોલોજી'' એટલે કે, ભોગ બનનારને ન્યાય મળી શકે અને ફોજદારી કાયદા અન્વયેના સિધ્ધાંત જળવાઈ રહે અને તહોમતદારને પુર્વગ્રહ ન થાય તે તમામ

પાસાઓ અદાલતે તપાસવાના હોય છે. નામદાર સુપ્રિમ કોર્ટના તાજેતરના ચુકાદાઓ પ્રમાણે માત્ર એક સાક્ષી માનવા લાયક, ભરોસાપાત્ર, કુદરતી અને વિશ્વાસ લાયક હોય તો પણ તેની જુબાની માનીને સજા થઈ શકે. તે–જ રીતે ફરીયાદ પક્ષે ૪૦–૫૦ સાહેદો તપાસેલા હોય અને માનવા લાયક, કુદરતી, ભરોસાપાત્ર તેમજ વિશ્વાસપાત્ર ન હોય તો ૪૦–૫૦ સાહેદોની જુબાની પણ ન માનીને તહોમતદારને નિર્દોષ ઠરાવી શકાય છે. ટુંકમાં દરેક કેસનાં સંજોગો અને હકીકતો અલગ–અલગ હોય છે.

આ કામે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૨ની વ્યાખ્યા જોવામા આવે તો–

**કલમ–૩૦૨**

''કોઈ પણ વ્યકિત ખુન કરે તેને દેહાંત દંડ અથવા આજીવન કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર થશે''

**ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૦** માં ખૂનની વ્યાખ્યા દર્શાવવામાં આવેલી છે તે ધ્યાને લેવામાં આવે તો હવે પછી અત્રે દર્શાવેલા અપવાદોના કિસ્સા સિવાય

**પહેલુ–**સાપરાધ મનુષ્ય વધ તે ખૂન છે, જો જેથી મૃત્યુ નિપજયુ હોય તે કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કર્યુ હોય, અથવા

**બીજું**– જો ગુન્હેગારને એવું જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરિક હાનિ પહોંચી છે તેનું મૃત્યુ નિપજવાનો સંભવ છે અને તેવી શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય, અથવા

**ત્રીજું** – જો, કોઈ વ્યકિતને શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય અને શારીરિક ઈજા પહોંચાડવા ધારી હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પૂરતી હોય, અથવા

**ચોથું**– જો, કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે એવું તત્કાલીન ભયજનક છે કે તમામ શકયતાઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારીરિક ઈજાથી મૃત્યુ નિપજવાની પૂરી સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા માટે કે ઉપરની ઈજા પહોંચાડવા માટેનું જોખમ લેવાના કોઈ જ કારણ વગર તે કૃત્યુ કર્યુ હોય.

**ઈન્ડીયન પીનલ કોડની કલમ – ૨૯૯ – સાપરાધ મનુષ્ય વધ**

કોઈપણ વ્યકિત મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા તેથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી અથવા પોતાના તેવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે તેવા જ્ઞાન સાથે કોઈ કૃત્ય કરીને મૃત્યુ નિપજાવે તે સાપરાધ મનુષ્ય વધનો ગુન્હો કરે છે.

મેડીકલ પુરાવા મુજબ મરણ જનારને જે ઈજાઓ થયેલ તે ઈજાના કારણેજ મરણ જનારનુ મૃત્યુ થયેલ હોવાનુ મેડીકલ પુરાવાથી સાબીત થાય છે. હવે આ કામે મરણ જનારને તેને થયેલ ઈજાના કારણે મૃત્યું થયેલ હોવાનુ મેડીકલ પુરાવાથી પુરવાર થયેલ હોય, મરણ જનારને આ ઈજાઓ કોના દ્વારા અને કેવી રીતે અને શા કારણે કરવામા આવી તે જોવાનુ રહે છે. આ કામે આરોપીના વિધ્વાન વકીલશ્રીઓએ દલીલ કરી છે કે, આ કામે કોઈ નજરે જોનાર સાહેદ નથી અને કેસ સાં યોગિક પુરાવા આધારીત છે. આમ, આ કામે ફરીયાદ પક્ષ તરફથી જે સાહેદને તપાસવામાં આવેલા છે જે પૈકી એક પણ સાહેદ નજરે જોનાર નથી. સમગ્ર ફરીયાદ પક્ષનો કેસ માત્ર અને માત્ર સર્કમસ્ટન્સીયલ એવીડન્સ ઉપર આધારીત છે. જોકે આ અદાલત એ હકીકતે સંપૂર્ણ સભાન છે કે, હમેશા એવુ જરૂરી નથી કે, ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ડાયરેકટ એવીડન્સ જરૂરી હોય. ફરીયાદપક્ષ સાંયોગીક પુરાવા ઉપરથી પણ પોતાનો કેસ ચોકકસ પુરવાર કરી શકે. આ અદાલત એ હકીકતથી સ્પષ્ટ વાકેફ છે કે, જયારે કોઈ કેસ માત્ર અને માત્ર સાંયોગીક પુરાવા ઉપર હોય અને જયારે અદાલતે સાંયોગીક પુરાવાની મુલવણી કરવાની હોય ત્યારે તેમાં વિશેષ સાવચેતી રાખવાની હોય છે જયારે કેસ માત્ર સાંયોગીક પુરાવા ઉપર હોય ત્યારે આરોપીનો દોષ દર્શાવતી સાંકળ સંપૂર્ણ પુરી થઈ જાય અને પુરાવા ઉપરથી આરોપીની નિર્દોષતાની તમામ માન્યતા સંપૂર્ણ રીતે નકારાત્મક બની જાય તોજ અને તેવાજ કીસ્સામાં આરોપીને સાંયોગીક પુરાવા ઉપરથી દોષીત ઠરાવી શકાય.

જયારે આવા સાંયોગીક પુરાવાની મુલવણી કરવામાં આવે ત્યારે જેના ઉપર અધાર રાખેલ હોય તેવા સાંયોગીક પુરાવામાંથી બે અનુમાનો માટે વાજબી રીતે શકયતા જણાતી હોય ત્યારે જે અનુમાન આરોપીની તરફેણમાં જતું હોય તેને સાધારણ રીતે સ્વીકારવું પડે. તમામ સંજોગોમાં મહત્વની બાબત એ ફરીયાદ પક્ષના પુરાવાની વિશ્વસનીયતા છે. તમામ સંજોગો અને તમામ શંકાથી પર ફરીયાદ પક્ષનો પુરાવો હોવો જોઈએ અને રેકર્ડ ઉપર તમામ સંજોગો આવેલ હોવા જોઈએ કે જે માત્ર અને માત્ર આરોપી દોષીત છે તેવા નિર્ણય તરફ દોરી જતા હોય અને બીજી કોઈ પણ સંભાવના ન હોય કે, અન્ય કોઈ વિકલ્પ ન હોય કે બીજી નાની સરખી શંકા ન હોય. સાંયોગીક પુરાવો આરોપીનો ગુનો સ્પષ્ટ રીતે દર્શાવતો હોવો જોઈએ અને એવા તારણ ઉપર આવવા માટે તેની સાંકળ પુરી કરતો હોવો જોઈએ અને રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી એવુ સ્પષ્ટ ફલીત થતું હોવું જોઈએ કે, બીજી કોઈ વ્યકિત ધ્વારા નહીં પરંતુ માત્ર અને માત્ર આરોપી ધ્વારાજ આ ગુનો કરવામાં આવ્યો છે અને જો એવુ સ્પષ્ટ રીતે સાબિત થતું હોય તો આરોપીને સજા કરી શકાય. જેથી હાલનો કેસ સર્કમસ્ટેન્સીયલ એવીડન્સનો કેસ હોય આ કામે આરોપીની ગુના સાથે સાંકળવા રજુ કરવામા આવેલ સરકારપક્ષના પુરાવાનું તટસ્થ મુલ્યાંકન કરવાનુ રહે છે.

(૨૮) આ કામે સરકારપક્ષ તરફે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક.૩૦૨, ૩૮૦, ૪૫૪, ૨૦૧, ૩૫૪, ૩૯૨, ૩૯૪, ૩૯૭, ૧૨૦(બી), ૧૧૪ મુજબની તહોમત પુરવાર કરવા રજુ કરેલ પુરાવાનુ વિગતવાર મૃલ્યાંકન કરતા, આ કામે સરકારપક્ષ તરફે એક પણ નજરેજોનાર સાહેદને તપાસવામા આવેલ નથી જેથી જયારે નજરે જોનાાર સાહેદનો સીધો પુરાવો ઉપસ્થિત ન હોય તેવામા આરોપીઓને ગુના સાથે સાંકળવા કોઈ સાયોગીક પુરાવો રજુ છે કે કેમ તે જોવાનુ રહે છે. મરણજનારનુ મૃત્યુ કોણે નિપજાવ્યુ અને કેવી રીતે નિપજાવ્યુ તે સબંધે ફરીયાદપક્ષ તરફે રજુ કરવામા આવેલ પુરાવાનુ મૃલ્યાંકન નીચે મુજબ કરવામા આવે છે. આરોપીઓ વિરુધ્ધની તહોમત પુરવાર કરવા સરકારપક્ષ તરફે રજુ કરવામા આવેલ પુરાવા ધ્યાને લેવામા આવે તો, આંક-૪૦A થી ફરીયાદી

નાઝનીન મોહંમદસફી શેખને તપાસેલ છે તેઓનો પુરાવો જોઈએ તો, તેઓ બનાવના સમયે તેમના ઘરે હાજર હતા બનાવવાળી જગ્યાએ હાજર ન હતા તેઓને બનાવની જાણ ફોનથી થયેલી અને તેઓ હોસ્પીટલે ગયેલ ત્યા પોલીસ આવેલી અને એક તૈયાર ટાઈપ કરેલ કાગળમાં મારી સહી લીધેલી. જે ફરીયાદ આંક–૪૧A થી રજુ છે.તેવી હકીકત જણાવતા તેઓ ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ છે.જેથી ખુદ ફરીયાદીના પુરાવાથી ફરીયાદપક્ષની હકીકતે સમર્થન મળતુ નથી. આંક–૩૯A થી સાહેદ મોહંમદઅમીન મુર્તજાભાઈ શેખનો પુરાવો જોઈએ તો, તેઓને બનાવ વિશે કાંઈ જાણવા મળેલ નહી. પોલીસે તેઓની બનાવ બાબતે પુછપરછ કરેલી ન હતી.આમ સદર સાહેદને પણ ફરીયાદપક્ષે ફરી ગયેલ છે જેથી તેઓની જુબાનીથી પણ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળતુ નથી. આંક–૧૯ થી સાહેદ રશ્કિાંત બાબુલાલ મજમુદારને તપાસેલ છે તેઓ સાયન્ટીફીક ઓફીસર છે અને તેઓએ સ્થળનુ નિરીક્ષણ અને પરીક્ષણ કરી અહેવાલ આપેલ છે. તેમજ આંક–૨૦ થી ડો.કોમલબેન મહેશકુમાર પટેલનો પુરાવો વંચાણે લઈએ તો, તેઓએ ત્રણેય આરોપીઓની સારવાર કરેલ છે અને સારવાર સર્ટીફિકેટ આપેલ છે. આંક–૩૫ થી સાહેદ વિનુભાઈ હરીભાઈ દેસાઈનો પુરાવો જોઈએતો, તેઓએ જાહેરનામુ રજુ કરેલ છે પરંતુ તે જાહેરનામુ પ્રસીધ્ધ કયારે પ્રસીધ્ધ થયેલ છે તેને તેઓને જાત માહીતી નથી. આ જાહેરનામુ લોકોને જાણ થાય તેવી રીતે બનાવ સમયે પ્રસીધ્ધ માટે અલગ અલગ જગ્યાએ પ્રસીધ્ધ થયેલ હતુ કે કેમ તે વિશે કોઈ ચોકકસ હકીકત બહાર આવતી નથી. તેમજ આંક–૨૨A થી પંચસાહેદ મોહંમદસેહજાન શબ્બીરહુસેન શેખને તપાસેલ છે તેઓ ફરીયાદપક્ષે ફરી ગયેલ હોય તેઓની જુબાનીથી આંક–૨૩A થી રજુ મુદામાલ રીકવરી પંચનામાની હકીકતને સમર્થન મળતુ નથી.આંક–૨૪A થી પંચસાહેદ હનીફ મોહંમદફારૂક શેખને તપાસેલ છે.તેઓ ફરીયાદપક્ષે ફરી ગયેલ હોય તેઓની જુબાનીથી આંક–૨૫A થી રજુ ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતને સમર્થન મળતુ નથી.આંક–૩૦A થી પંચસાહેદ ઉબેદભાઈ અમનઉલ્લાહખાનને તપાસેલ છે.તેઓ ફરીયાદપક્ષે ફરી ગયેલ હોય તેઓની

જુબાનીથી આંક–૩૧A થી રજુ સીલબંધ બોટલો કબજે કર્યાનું પંચનામાની હકીકતને સમર્થન મળતુ નથી. આંક–૩૨A થી પંચસાહેદ શાહરૂખખાન નઝીરખાન પઠાણને તથા આંક–૩૪A થી પંચસાહેદ મહેરૂનિશા સરફરાજઆલમ અંસારીને તપાસેલ છેતેઓ ફરીયાદપક્ષે ફરી ગયેલ હોય તેઓની જુબાનીથી આંક–૩૩A થી રજુ કપડા કબજે કર્યાનું પંચનામાની હકીકતને સમર્થન મળતુ નથી.આંક–૩૫A થી પંચસાહેદ મોહંમદયુસુફ સુવાલેભાઈ શેખને તથા આંક–૩૭A થી પંચસાહેદ આસીફ ઈબ્રાહીમભાઈ શેખને તપાસેલ છે.તેઓ ફરીયાદપક્ષે ફરી ગયેલ હોય તેઓની જુબાનીથી આંક–૩૬A થી રજુ સીલબંધ વસ્તુઓ કબજે કર્યાનું પંચનામાની હકીકતને સમર્થન મળતુ નથી. આમ, ઉપરોકત પંચસાહેદોની જુબાનીથી પંચનામાની હકીકતો પુરવાર થતી નથી. આ કામે આંક–૩૪A થી પોલીસ સાહેદ શૈલેષભાઈ મણીલાલ પરીખને તથા આંક–૪૧થી પોલીસ સાહેદ મહેશકુમાર ચેલાભાઈ ચૌધરીને તથા આંક–૬૭ થી પોલીસ સાહેદ કીરીટકુમાર ભીખાભાઈ રાજવીરને તપાસેલ છે તેઓ પોલીસ સાહેદ છે તેઓએ સદર ગુન્હામાં પોતાની ફરજ મુજબની કરેલ કામગીરીની હકીકત જણાવેલ છે. આમ, આ કામે જે ફરીયાદી સાહેદોને તપાસેલ છે તેઓ કોઈ બનાવને નજરે જોનાર સાહેદ નથી. આ કામના આરોપીને મરણજનાર છરી મારી મૃંત્યુ નિપજાવતા કોઈએ નજરે જોયેલ નથી. સદરહુ કામે ત.ક.અધિકારીની જુબાની ધ્યાને લેતા, તેઓએ તપાસ દરમ્યાન એવુ કબુલ રાખેલ છે કે, સ્થળ પર કે તેની આજુબાજુની જગ્યાનુ સીસીટીવી ફુટેજ તેઓએ મેળવી પૃથ્થકરણ કરાવી કેસ પુરવાર કરવા રજુ કરેલ નથી. વધુમા સદરહુ કામે મરણજનારના કબજે કરવામા આવેલ કપડા, આરોપીઓના કબજે કરવામા આવેલ કપડા, કબજે કરવામા આવેલ હથીયાર, તમામનુ બાયોલોજીકલ તેમજ સીરોલોજીકલ પૃથ્થકરણ કરાવવા મોકલેલ જે સબંધેનો ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગ શાળા, ગુજરાત રાજયનો અહેવાલનં.ફસલ/તપણ/૨૦૨૨/બી/૧૬૯૫ તા.૦૬/૦૯/૨૦૨૨ ના ફોરવડીગ લેટર સાથે નાયબ નિયામકશ્રી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાનાઓએ ફોરવડીગ લેટર સહીતનો અહેવાલ તપાસ કરનાર

અધિકારીને મોકલી આપેલ જે ફોરવડીગ લેટર આંક–૭૩ થીરજુ કરવામા આવેલ તથા આંક–૭૪ થી બાયોલોજી તથા સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ રજુ  છે જે મુજબ કબજે કરવામા આવેલ કોટનર્થેડ, ચપ્પાનો હાથો, ચપ્પાનો ફળ, છરી, મરણજનારના મેડીકલ નમુના, મરણજનારના કપડા,  આરોપી મહંમદશાન મહંમદ ઈકાબલ મહંમદ ઈબ્રાહિમ શેખ મેડીકલ નમુના, આરોપી ખાતુનબીબી મહંમદ ઈકબાલ શેખ નોમેડીકલ નમુનો (ડીસઈન્ટીગ્રેટેડ નમુનો), આરોપી રેશમાબાનુ સમીરખાન પઠાણનો મેડીકલ નમુનાો તમામનુ પૃથ્થકરણ કરતા માનવ રૂધીર મળી આવેલ છે જે તમામા '' ઓ''( O ) ગ્રુપનો માનવ રૂધિર મળી આવેલ જેથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, મરણજનારનુ જે માનવ રૂધીર જુથથ હતુ તે ગુનામા ઉપયોગ કરવામા આવેલ હથીયાર પર પણ મળી આવેલ છે. પરંતુ જયારે આ કામના આરોપીના માનવ રૂધીર જુથ્થ પણ '' ઓ''( O ) ગ્રુપના હોવાનુ જણાઈ આવે છે. આમ, સદરહુ એફ.એસ.એલ.અહેવાલ ધ્યાને લેતા, બનાવ સ્થળ પર મળી આવેલ લોહીના સેમ્પલ, મરણજનારના લોહીના સેમ્પલ, આરોપીઓના લોહીના સેમ્પલ, હથીયાર પર મળી આવેલ લોહીના અવશેષ વિગેરે તમામ પૃથથકરણ કરતા એકજ સરખો માનવ રૂધીર જુથ્થ '' ઓ''( O ) ગ્રુપ હોવાનુ પુરવાર થાય છે. વધુમા, સદરહુ કામે આંક–૧૯ થી સ્થળ નીરીક્ષણ કરનાર  મોબાઈલ વાનના સાયન્ટીફીક અધિકારીની જુબાની ધ્યાને લેતા, તેઓ બનાવ સ્થળ પર પૃથ્થકરણ કરી અહેવાલ આપ્યો છે જેમા આંક–૧૯ ની જુબાની દરમ્યાન તેઓ ધ્વારા આંક–૨૧A થી સ્થળ નીરીક્ષણ અહેવાલ રજુ કરેલ છે સદર આંક–૧૯ ના સાહેદની જુબાની ધ્યાને લેતા, તેઓએ બનાવનુ સ્થળ મ.નં.૯, અલસાદ રેસીડેન્સી,બિસ્મીલ્લ બેકરીની પાછળ, ફતેહવાડી કેનાલ પાછળ,ફતેવાડી હોવાનુ સોગદપર જણાવે છે જે બનાવ સ્થળ પર મળી આવેલ કન્ટ્રોલ સેમ્પલ ને પૃથ્થકરણ માટે મોકલતા ાંકઅ૭૪ ના ફોરેન્સીક અહેવાલ સાથે તેની સરખામણી કરતા સદરહુ બનાવ સ્થળ પર મળી આવેલ કન્ટ્રોલ સેમ્પલમાં  માનવ રૂધીર જુથ્થ '' ઓ''( O )ની હાજરી જોવા મળેલ છે. આમ, બનાવ સ્થળ પર મરણજનારના રૂધીર જુથ્થના અવશેષો મળી આવેલ

છે. વધુમા, આંક–૨૦ થી ડો.કોમલબેન મહેશકુમાર પટેલનાઓને તપાસતા તેઓએ આંક–૨૧,૨૪,૨૬ થી આરોપીઓના મેડીકલ સારવારના પેપર્સ રજુ કરેલ છે તથા આંક–૨૩,૨૫,૨૭ થી આરોપીઓને સારવાર આપવામા આવેલ તે સબંધેના એમ.એલ.સી.અનુક્રમે આરોપી મહંમદ શાન ઈકબાલ શેખના એમ.એલ.સી.૪૦૨૩/૨૨, આરોપી રેશમાબાનુ સમીરખાન પઠાણના એમ.એલ.સી.૪૦૨૪/૨૨, આરોપી ખાતુનબીબી મહંમદ ઈકબાલ શેખના એમ.એલ.સી.૪૦૨૫/૨૨ થી રજુ કરેલ છે જેમા તા.૧૭/૬/૨૦૨૨ ના રોજ તેઓને ઈન્સાઈઝ વુન્ડની ઈજા સબંધે સારવાર આપવામા આવેલ જે એમ.એલ.સી. મુજબ શાર્પ કટીગ એન્ડ જેવા થી ઈજા થયેલ હોવાનુ જણાવેલ છે અને તમામ આરોપીઓ તેઓ ઉપર હુમલો થયેલ હોવાનુ જણાવેલ છે કે, સામાવાળા વ્યકિતએ છરીથી માર મારેલ છે અને એમ.એલ.સી.નં.૪૦૨૫મા હિસ્ટ્રીમા તારીખ તા.૦૩/૦૬/૨૦૨૨ નો જણાવેલ છે. સ્થળ ફતેવાડી,જુહાપુરા હોવાનુ જણાવેલ છે. આરોપી તરફે સાહેદોની કરવામા આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેમજ રજુ પુરાવા ધ્યાને લેતા, બનાવ  મ.નં.૯, અલસાદ રેસીડેન્સી, ફતેવાડી મુકામે બનેલ. સદર આરોપીઓ ઉપરોકત એમ.એલ.સી. મુજબની ઈજાઓ કેવી રીતે થઈ તેસબંધે રજુ ઉલટતપાસમા કોઈ સ્પષ્ટ કારણ કે ખુલાસો પુરવાર કરેલ નથી. વધુમા, આરોપી ઉપરથી પોતે વિશેષ નિવેદનમા તેઓ કોઈપણ પ્રકારનો પુરાવો રજુ કરવા માગતા હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.આરોપીઓ જાતે તેઓને ઉપરોકત એમ.એલ.સી. મુજબની ઈજાઓ તા.૩/૬/૨૦૨૨ ના રોજ કેવી રીતે થઈ તે સબંધે કોઈ ખુલાસો કરતો પુરાવો રજુ કરેલ નથી. આમ, જયારે રેકર્ડ પર બનાવના દિવસે આરોપીઓને  શાર્પ કટીગ એન્ડ જેવા હથીયારથી ઈજાઓ થયેલ તે સ્પષ્ટ સર્કમન્ટેશીયલ એટલે કે સાંયોગીક હકીકત દર્શાવે છે કે આરોપીઓને સદરહુ તા.૩/૬/૨૦૨૨ ના રોજ ફતેવાડી મુકામે શાર્પ કટીગ એન્ડ જેવા હથીયારથી ઈજાઓ થયેલ. જયારે બનાવ બન્યાની તારીખ ધ્યાને લતો, તે તારીખ ૩/૬/૨૦૨૨ ના રોજ બનેલ અને બનાવ સ્થળ મ.નં.૯, અલસાદ રેસીડેન્સી, ફતેવાડી મુકામે છે.આમ, ઉપરોકત સાંયોગીક પુરાવો ધ્યાને લેતા, ઉપરોકત સ્થળ ફતેવાડી મુકામે આરોપીઓને આંક–૨૭ વાળા આરોપીના એમ.એલ.સી.

ન.૪૦૨૫/૨૦૨૨ મુજબ ઈજાઓ થયેલ, આરોપીનુ કટથ્રોટ ઈન્જરીથી મૃત્યુ નિપજેલ હોવા સબંધેની આંક–૨૯ વાળી પી.એમ.નોટ રેકર્ડ પર રજુ છે,તમામ બનાવ સ્થળ પર મળી આવેલ લોહીના સેમ્પલ, મરણજનારના લોહીના સેમ્પલ, આરોપીઓના લોહીના સેમ્પલ, હથીયાર પર મળી આવેલ લોહીના અવશેષ વિગેરે તમામ પૃથથકરણ કરતા એકજ સરખો માનવ રૂધીર જુથ્થ '' ઓ''( O ) ગ્રુપ હોવાનુ પુરવાર થયેલ છે.

આ કામે રેકર્ડ પર રજુ થયેલો સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું તુલનાત્મક મુલ્યાંકન કરતી વખતે નીચે જણાવેલ નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર જુદી જુદી હાઈકોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ કાનુની સિધ્ધાંતોને નજર સમક્ષ રાખવામાં આવેલ છે.

**૨૦૦૨ (૫) એસ. સી. સી. પાના–૨૩૪, દેવન્દ્ર પાલસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ એન. સી. ટી.દિલ્હી અને બીજાઓ.**

''કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં, જજે ક્રિમીનલ ટ્રાયલ ચલાવતી વેળા એક નિર્દોષ માણસને સજા ન થાય તે જોવાનું છે, પરંતુ સાથે સાથે જજે એ પણ જોવાનું છે કે, એક દોષિત છુટી ન જાય''.

**એ. આઈ. આર. ૨૦૦૪, એસ. સી. પેજ–૩૧૩, ચૌધરી રામજીભાઈનરસંગભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ, ઈન્ટરેસ્ટેડ** જયારે સાહેદ મરનાર સાથે સંકળાયેલ હોય, (મરનારના સગા હોય), ત્યારે અન્ય રીતે પુરાવો રીલાયેબલ અને ટ્રસ્ટ વર્ધી જણાતો હોય તો તેના પુરાવાને ડિસ્કાર્ડ કરવાનું કોઈ કારણ નથી.

**એ. આઈ. આર. ૨૦૦૯, એસ. સી. પાના નં. ૩૨૬૫, ભુપેન્દ્રસીગ અને બીજાઓ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ. પી.,**માત્ર નજરે જોનાર સાહેદો તે ફેમીલી મેમ્બર હોવા માત્રથી, મરનારના સગા થતા હોવાથી આરોપીને ખોટી રીતે સંડોવી તેવું કથન જયારે અન્ય કોજન્ટ અને કેડીબલ પુરાવો હોય, ત્યારે માત્ર

મરનારના ફેમીલી મેમ્બર હોવાથી તેમનો પુરાવો ડિસ્કાર્ડ કરી શકાય નહીં. મરનારના સગાઓનું સ્ટેટમેન્ટ જયારે તે અન્ય રીતે કોજન્ટ કે કેડીબલ જણાતું હોય, ત્યારે માત્ર તેઓ સગા થતા હોવાથી આરોપીને ખોટી રીતે સંડોવેલ છે તેવું માનીને એમનો પુરાવો ડિસ્કાર્ડ કરી શકાય નહી.

**૨૦૦૯ (૧) જી.એલ.આર. પાના નં.૮૪૪ હીકા જીવા ગુજરીયા વિ.સ્ટેટમાં** પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ સાહેદ મરનારના મિત્ર કે સગા હોવા માત્રથી તેઓનો પુરાવો નહી માનવાનુ ગ્રાઉન્ડ નથી. ઉપરોકત કાનુની સિધ્ધાંતો ધ્યાને લ ેતાં આ કામમા સાહેદો મરનારના પત્નિ, પુત્ર, પુત્રવધુ જેવા નજીકના સગા હોવા માત્રથી તેઓનો પુરાવો નહી માનવાનુ કોઈ કારણ રહેતુ નથી.

**એ. આઈ. આર. ૨૦૦૮ સુપ્રિમ કોર્ટ, પાના નં. ૧૮૬૦ શીવપ્પા અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક**માં જણાવ્યા મુજબ સામાન્ય વિરોધાભાસો હોવા માત્રથી નજરે જોનાર સાહેદનો પુરાવો જયારે અન્ય રીતે તે આધારભુત જણાતો હોય ત્યારે રીજેકટ થઈ શકે નહી. સામાન્ય વિરોધાભાસ સાક્ષી બનાવ બન્યા બાદ ઘણા સમય પછી કોર્ટમાં જુબાની આપવા આવતા હોય તેમજ તેમના સોશીયોલોજીકલ બેકગ્ર ાઉન્ડને કારણે પણ થઈ શકતો હોય છે. જે સંજોગોમાં માત્ર સામાન્ય વિરોધાભાસ રેકર્ડ ઉપર આવવાને કારણે ફરીયાદી કે સાહેદોનો પુરાવો જયાર આધારભુત અને વિશ્વાસ પાત્ર જણાતો હોય ત્યારે કાયદાના પ્રસ્તાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં તેને ડીસ્કાર્ડ કરી શકાય નહી. જે સંજોગોમાં માત્ર સામાન્ય વિરોધાભાસ રેકર્ડ ઉપર આવવાના કારણે ફરીયાદી કે સાહેદોનો પુરાવો જયારે આધારભુત અને વિશ્વાસપાત્ર જણાતો હોય ત્યારે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં તેને ડીસ્કાર્ડ કરી શકાય નહી.

**૨૦૦૬(૧) જી.એલ.આર. પાના નં.૮૧૬, સ્ટેટ વિ. સતીષ ઉર્ફે કાલુ ઉર્ફે હથોડા બી. પટેલના** કેસમા નિર્ણીય થયેલ સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષના કેસને પંચો સર્પોટ ન કરવા માત્રથી તેનો કેસ અયોગ્ય માનીને ફેકી દેવાની જરૂર નથી, કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ઘંત છે કે સારા ગ્રાઉન્ડ દર્શાવવામાં ન આવ્યા હોય તે સિવાય જો

અન્ય રીતે પોલીસ અધિકારીની જુબાની સાચી અને આધારભુત જણાતી હોય તો તેને માત્ર પોલીસ ઓફીસર હોવાથી ડીસકાર્ડ કરી શકાય નહીં.

**જી.એલ.આર.૨૦૦૭(૩) પાન નં.૨૨જ૫ મનોજ વાલ્મીકી પાંડે વિ. સ્ટેટ** માં નકકી થયેલ સિધ્ધાંત મુજબ માત્ર પંચ સાહેદ પ્રોશીકયુશનને સપોર્ટ ન કરવાથી પ્રોશીકયુશનનો કેસ નહી માનીને ફેંકી દેવાની જરૂર નથી. કાયદાનો એક પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે જયારે પોલીસ ઓફીસરની જુબાની અન્ય રીતે આધારભુત અને સાચી જણાતી હોય તો માત્ર તે પોલીસ ઓફીસર હોવાથી તેની જુબાનીને ડીસ્કાર્ડ કરી શકાય નહી તેવું નકકી થયેલ છે.આમ, આ કામે પણ પોલીસે પોતાની ફરજના ભાગ રૂપે કરેલી કાર્યવાહીનો પુરાવો આપેલ છે જેને પણ શંકાની નજરે જોઈ શકાય નહી.

આમ,ઉપરોકત તમામ હકીકત જોતા, આરોપીઓ તરફે તેઓને થયેલ ઈજા કેવી રીતે થઈ તે અંગે કોઈપણ જાતના સંતોષકારક ખુલાસાના અભાવે, બનાવમા સાયોગીક પુરાવા આધારે બનાવમા આરોપીઓની હાજરી તથા આરોપીઓની સંડોવણી સ્પષ્ટ રીતે પુરવાર થાય છે. આમ, સરકારપક્ષ તરફે આરોપીઓ વિરુધ્ધનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરેલ હોય મુદાનં.–ર નો નિર્ણય હકારમા આપવામા આવે છે અને મુદા નં.–૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:– હુકમ –:</u>**

આ કામના આરોપી (૧) મોહમદસાન સ/ઓ.મોહંમદઈકબાલ મોહંમદઈબ્રાહીમ શેખ(ર) ખાતુનબીબી વા.ઓ.મોહંમદઈકબાલ શેખ(૩)રેશ્માબાનુ વા.ઓ. સમીરખાન પઠાણનાઓને વેજલપુર પોલીસ સ્ટેશન પાર્ટ–એ. ગુન્હા રજી.નં.૧૧૧૯૧૦૨૮૨૨૦૮૧૬/૨૦૨૨ ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૨, ૧૧૪ તથા

જી.પી.એ.ક.૧૩૫(૧) મુજબ ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હીતમા સજાના પ્રશ્ને સાંભળવા જરૂરી જણાતા હોય, સજા અંગે સાંભળવા રાખવામા આવે છે.

આજ તા.૦૫ મી માહે–મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:–૦૫/૦૫/૨૦૨૬**

**સ્થળ:– અમદાવાદ.**

**(કે.એસ.ત્રિવેદી)**
ત્રીજા એડીશનલ સેશન્સ જજ
અમદાવાદ(રૂરલ)
કોડ નં. જીજે.૦૦૬૧૭

District & Sessions Court Ahmedabad[Rural]
सत्यमेव जयते

<u>**સજા અંગે સાંભળ્યા**</u>**:–**

(૨૯) સદર કામે આરોપી(૧) મોહમદસાન સ/ઓ.મોહંમદઈકબાલ મોહંમદઈબ્રાહીમ શેખ નાઓને સાબરમતી જેલના વીડીયોકોન્ફરન્સ રૂમમાંથી અત્રેની કોર્ટ સમક્ષ વીડીયોકોન્ફરન્સથી રજુ કરતા તેઓને તકસીરવાન ઠરાવેલ હોવાની જાણ કરતા તેઓને સજા સબંધે પુછતા ઓછામા ઓછી સજા ફરમાવવા અરજ કરેલ છે. બંને આરોપીઓન વિ.વ.શ્રીને સાંભળતા આરોપીઓની ઉંમર ધ્યને લઈ તેમજ સમાજની જવબાદરીઓ ધ્યાને લઈ ઓછામા ઓછી સજા ફરમાવવા અરજ કરેલે . વધુમા, આરોપી (૨) ખાતુનબીબી વા.ઓ.મોહંમદઈકબાલ શેખ(૩)રેશ્માબાનુ વા.ઓ. સમીરખાન પઠાણ નાઓ કોર્ટ રૂબરૂ હાજર છે તેઓને સજા સબંધે પુછતા પોતે મહીલા હોય કુટુંબ પરીવારની તેઓ ઉપર રહેતી હોય તે ધ્યાને લઈ ઓછામા ઓછી સજા ફરમાવવા અરજ કરેલ છે.

સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, આરોપીઓ સામેના ગુના પુરવાર થયેલ છે અને આરોપીએ મરણ જનારનુ ખુન કરેલ હોવાનુ પુરવાર થયેલ છે તેથી કાયદામા નિર્દીષ્ટ સખત સજા કરવી જોઈએ.

વિ.એ.પી.પી.શ્રીને તથા બચાવપક્ષે તરફે વિ.વકીલશ્રી તથા આરોપીઓનાને જેલ મારફતે રજુ થયેલ વિડલયોકોન્સફરન્સથી કોર્ટ સમક્ષ હાજર હોય તેમે સાંભળ્યા. ઈન્ડીયન પીનલ કોડની કલમ– ૩૦૨ ના ગુનામાં જે સજાની જોગવાઈ છે તે જોતાં, દેહાંત દંડ અથવા આજીવન કેદની સજા અને દંડની જોગવાઈ છે. આ કામે

મરણજનારનુ મૃત્યુ કટથ્રોટ ઈન્ઝરીના કારણે થયેલ હોવાનુ પુરવાર થયેલ છે. મરણજનારને મારી નાંખવાના ઈરાદાથી એકબીજાની મદદગારી કરી આરોપીઓએ મૃત્યુ નિપજાવેલ હોય, જે ઘ્યાને લેતાં, કાયદાથી પ્રસ્થાપિત થયેલ સિઘ્ધાંત ઘ્યાનમાં લેતાં, મહત્તમ સજા દેહાંત દંડની રેરેસ્ટ ઓફ ધી રેર કેસમાં જ કરી શકાય, આ કેસ રેરેસ્ટ ઓફ ધી રેર કેસમાં પડતો ન હોઈ, આરોપીને મહત્તમ સજા નહી કરતા તથા ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૨ના ગુનામાં ખુન કરે તેને મોતની અથવા આજીવન કેદની શિક્ષા કરવામા આવશે અને તે દંડને પણ પાત્ર થશે તેવી સજા અને દંડની જોગવાઈ છે જે ઘ્યાને લેતાં, જો  આરોપીઓને આજીવન કેદની સજા અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેથી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) આ કામના આરોપી (૧) મોહમદ સાન સ/ઓ.મોહંમદઈકબાલ મોહંમદ ઈબ્રાહીમ શેખ(૨) ખાતુનબીબી વા.ઓ. મોહંમદ ઈકબાલ શેખ(૩)રેશ્માબાનુ વા.ઓ. સમીરખાન પઠાણનાઓને વેજલપુર પોલીસ સ્ટેશન પાર્ટ–એ. ગુન્હા રજી.નં. ૧૧૧૯૧૦૨૮૨૨૦૮૧૬/ ૨૦૨૨ ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૨, ૧૧૪ તથા જી.પી.એ.ક. ૧ ૩૫(૧) મુજબના ગુનામા તકસીરવાન ઠરાવવામા આવે છે અને દરેક આરોપીને ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૨, ૧૧૪ ના ગુનામા આજીવન કેદની સજા અને રૂા.૫,૦૦૦/– દંડ (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો દંડ કરવામા આવે છે, જો દંડની રકમ ન ભરે તો વધુ છ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમા, જી.પી.એ.ક. ૧૩૫(૧) ના ગુનામા છ માસની સખત કેદની સજા અને રૂા.૫,૦૦/– દંડ (અંકે રૂપિયા પાંચ સો પુરા) નો દંડ કરવામા આવે છે, જો દંડની રકમ ન ભરે તો વધુ એક માસની સખત

કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.ઉપરોકત તમામ ગુન્હા સબંધે સજા દરેક આરોપીએ એકસાથે ભોગવવાની રહેશે તે મુજબ હુકમ કરવામા આવે છે.

(૨) આ કામે આરોપીઓએ કાચા કામે ભોગવેલી સજા ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૪૨૮ મુજબ મજરે આપવા હુકમ કરવામાં આવે છે.

(૩) આ હુકમની એક નકલ ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૩૬૩ (૧) મુજબ આરોપીને વિના મુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામમાં કબજે કરેલ તમામ મુદ્દામાલ અપીલ સમય વિત્યે નિયમ મુજબ નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપી કેસ ચાલતા દરમ્યાન જયુડીશ્યલ કસ્ટડીમાં હોય જેલરશ્રીને જરૂરી સજા વોરંટ ભરી આપવા હુકમ કરવામાં આવે છે.

આજ તા. ૦૫ મી માહે–મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:–૦૫/૦૫/૨૦૨૬** **(કે.એસ.ત્રિવેદી)**

**સ્થળ:– અમદાવાદ.** ત્રીજા એડીશનલ સેશન્સ જજ

અમદાવાદ(રૂરલ)

કોડ નં. જીજે.૦૦૬૧૭

District & Sessions Court Ahmedabad Rural
सत्यमेव जयते